જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૨૫-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

યૂપીના ખેડૂતોના શેરડીના બાકી નાણાં મુદ્દે પ્રિયંકાનો મોદી-યોગી પર વાર

‘ચોકીદાર’ માત્ર ધનવાનો માટે કામ કરે છે: પ્રિયંકા ગાંધી

યૂપીમાં ખેડૂતોને સરકારે ૧૦ હજાર કરોડની ચૂકવણી કરી નથી,તેમને દેશના ગરીબની કોઇ પણ પ્રકારની ચિંતા નથી



ન્યુ દિલ્હી

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કર્યા. તેમણે ટ્વિટ કરીને જણાવ્યુ કે યુપીમાં ખેડૂતો દિવસ રાત મહેનત કરે છે. પરંતુ આ ખેડૂતોને યોગી સરકાર પુરતા પ્રમાણમાં વળત આપતી નથી. યુપીમાં ખેડૂતોને સરકારે ૧૦ હજાર કરોડની ચૂકવણી કરી નથી. પ્રિયંકા ગાંધીએ વધુમાં જણાવ્યુ કે, દેશનો ચોકીદાર માત્ર ધનવાનને ત્યા નોકરી કરે છે. તેમને દેશના ગરીબની કોઈપણ પ્રકારની ચિંતા નથી. આ પહેલા પ્રિયંકા ગાંધીએ ગંગામાં બોટ યાત્રા દરમ્યાન બેરોજગારી, ગરીબી અને નોટબંધીનો મુદો ઉઠાવ્યો હતો. પ્રિયંકા ગાંધીએ જણાવ્યુ હતુ કે, મોદી સરકારની નીતિના કારણ દેશમાં ખેડૂત, યુવા અને મહિલાઓ હેરાન પરેશાન છે. મોદી સરકારે ગરબી સાથે અન્યાય કર્યો છે. ત્યારે ફરીવાર પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી પર નિશાન સાધ્યુ છે. ઉલ્લેખનીય છે કે, પ્રિયંકા ગાંધી સતત ઉત્તર પ્રદેશમાં નાની-નાની સભાઓ કરી રહ્યા છે. તેઓએ થોડા દિવસો પહેલા વારાણસી અને અલાહાબાદમાં બોટ યાત્રા કરી હતી. મળતી જાણકારી મુજબ, હવે તેઓ ૨૬ માર્ચે અયોધ્યાનો પ્રવાસ કરશે. પ્રિયંકા હનુમાન ગઢીના દર્શન કરવા ઉપરાંત રોડ શો એન શેરી સભાઓ પણ કરી શકે છે. પ્રિયંકા ૨૭ માર્ચે બુલંદખંડ અને ૨૮ માર્ચે બારાબંકી જઈ શકે છે. નોંધનીય છે કે, દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં પણ સાત ચરણમાં મતદાન થવાનું છે. પહેલા ચરણનું મતદાન ૧૧ એપ્રિલે, બીજા ચરણનું ૧૮ એપ્રિલે, ત્રીજા ચરણનું ૨૩ એપ્રિલે, ચોથા ચરણનું ૨૯ એપ્રિલે, પાંચમાં ચરણનું ૬ મે, છઠ્ઠા ચરણનું ૧૨ મે અને સાતમા ચરણનું મતદાન ૧૯ મેના રોજ થશે. પરિણામ ૨૩ મેના રોજ જાહેર થશે.

ખેડૂતો ભૂખમરાથી પીડાતા હતા ત્યારે ભાષણ આપનારા ક્યાં હતા?: યોગી

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાના ટ્વીટ પર પલટવાર કરતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે જ્યારે ખેડૂતો ભુખમરીથી પીડાઈ રહ્યા હતા ત્યાં આ ભાષણ આપનારા ક્યાં હતા? તેમણે ટ્વીટ કરતા લખ્યું કે, ‘‘જ્યારથી અમારી સરકાર સત્તામાં આવી છે, ત્યારે અમે ૫૭,૮૦૦ કરોડ બાકીની ગરીબ રકમ ચૂકવી છે. આ રકમ ઘણા રાજ્યોના બજેટ કરતાં પણ વધુ છે. અગાઉના એસપી-બીએસપી સરકારે શેરડીના ખેડૂતો માટે કશું જ કર્યું નથી, તેથી ખેડૂતો ભૂખમરીના શિકાર થઇ રહ્યા હતા. બીજા ટ્વીટમાં કહ્યું કે, ખેડૂતોને સહાનુભુતિ બતાવનાર લોકો ક્યાં હતા. જયારે ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી ભૂખમરીથી પીડાઈ રહ્યા હતા. શા માટે તેમની ઊંઘ હવે ઉડી છે? રાજ્યના શેરડી ક્ષેત્ર હવે ૨૨ ટકાથી વધીને હવે ૨૮ હેક્ટેયર થયું છે અને રાજ્યમાં ઘણી બંધ ખાંડની મિલો ફરી શરૂ કરવામાં આવી છે. જેથી ખેડૂતો હવે ખુશ છે.

અડવાણીની ટિકિટ કપાતા શત્રુઘ્નસિંહા બોલ્યા: દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે



ન્યુ દિલ્હી

ભાજપના સૌથી વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની ટિકિટ કપાતા ભાજપના સાંસદ શત્રુઘ્ન સિંહાએ ટ્વીટ કરીને વડાપ્રધાન મોદી અને પાર્ટી અધ્યક્ષ અમિત શાહ પર પ્રહારો કર્યા હતા. તેમણે ન્યૂટનનો ત્રીજો નિયમ યાદ અપાવતા જણાવ્યું હતું કે, દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે.

શત્રુઘ્ન સિંહાએ અડવાણીને પિતા સમાન ગણાવતા તેમની ટિકિટ અમિત શાહને અપાતા નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે ટ્વીટ કરીને લખ્યું હતું કે, સરજી, રાફેલ બાબા, ચાળીસ ચોકીદારનો રોલ નિભાવવાને બદલે કાંઈક કરો, સુધારો કરવા માટે કોઈ પગલા લો. નુકસાની ભરપાઈ કરવા માટે કાંઈક પગલાં લો. આ દુઃખદ અને શરમજનક છે.... તમારા લોકોએ જે કર્યું, તેની આશંકા પહેલેથી હતી... પાર્ટીના સૌથી આદરણીય મિત્ર અને દાર્શનિક, માર્ગદર્શક, પિતા સમાન અડવાણીને નિવૃત્તિ માટે વિવશ કરવામાં આવ્યા.

તેમણે જણાવ્યું હતું કે અમિત શાહ પાસે લાલકૃષ્ણ અડવાણી જેવી ના તો છબિ છે અને ના તો કદ. આ જાણી જોઈને કરવામાં આવ્યું છે. તેઓ પિતા સમાન છે. તેમની સાથે આ વલણની મંજૂરી આપી શકાય નહીં. તમે અને તમારા લોકોએ જે મારી સાથે કર્યું તે સહનીય છે. હું ઉત્તર આપવા માટે સક્ષમ છું. ન્યૂટનનો ત્રીજો નિયમ યાદ રાખજો. દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે.

ભાજપનો રાહુલ ગાંધી પર આવક કરતા વધુ સંપત્તિ ધરાવવાનો આક્ષેપ

ગાંધી પરિવારનો કોઈ વ્યવસાય નથી તો અબજોની સંપત્તિ ક્યાંથી આવી?: ભાજપ

દેશમા એક માત્ર ગાંધી પરિવાર એવો છે જે ફાર્મ હાઉસની આવક પર પોતાનું ગુજરાન ચલાવે છે



ન્યુ દિલ્હી

ભાજપે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર આવક કરતા વધુ સંપત્તિના ગંભીર આક્ષેપો કર્યા છે. ભાજપે રવિવારે એક પ્રેસ કોન્ફરન્સ કરીને કેટલાક વેધક સવાલો પૂછ્યા હતા. ૨૦૦૪માં રાહુલ ગાંધીના ઉમેદવારી પત્રમાં ૫૫ લાખની સંપત્તિ દર્શાવવામાં આવી હતી જે ૨૦૧૪માં વધીને ૯ કરોડ રૂપિયા કેવી રીતે થઈ? ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું કે, ‘આખરે આવકમાં આટલો મોટો વધારો કેવી રીતે થયો, જ્યારે તેમની કમાણીનું એકમાત્ર સાધન સાંસદસભ્ય હોવાનું છે અને તેઓ ડોક્ટર કે વકીલ જેવા વ્યવસાયી નથી.’ આટલુંજ નહીં ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ કથિત રીતે જમીન સોદો, ફાર્મ હાઉસને ભાડે આપવા અને એક પ્રોપર્ટી સોદા પર સવાલ ઊભા કરતા કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર માનહાનીનો કેસ કરવા પણ પડકાર ફેંક્યો હતો. સંબિત પાત્રાએ દિલ્હીના મહરૌલી સ્થિત એક ફાર્મ હાઉસને લઈને દાવો કરતા જણાવ્યું કે, ‘આ લગભગ ૫ એકરનું છે. આ ફાર્મ હાઉસના માલિક રાહુલ અને પ્રિયંકા ગાંધી છે. તેનું નામ ઈંદિરા ફાર્મ હાઉસ છે. ૨૦૧૩માં આ ફાર્મને ફાઈનાન્શિયલ ટેક્નોલોજીસ ઈન્ડિયા લિમિટેડ નામની કંપનીને ભાડે આપવામાં આવ્યું હતું. આ ફાર્મ હાઉસનું પ્રતિ માસ ભાડું ૭ લાખ રૂપિયા હતું. પ્રથમ વખત ૪૦ લાખ રૂપિયા એડવાન્સમાં લેવાયા હતા. આ રકમ વ્યાજ મુક્ત હતી. આવું કેવી રીતે શક્ય બને કે કોઈ એડવાન્સ નાણાં ચૂકવી દે અને વ્યાજ પણ ના લે.’ ભાજપે ફાર્મ હાઉસને કથિત રીતે ભાડા પર લેનાર કંપની એફટીઆઈએલને નેશનલ સ્પોટ એક્સચેન્જ લિમિટેડની પ્રમોટર કંપની ગણાવતા કહ્યું કે આ કંપનીએ ૨૦૧૩માં એક મોટું કૌભાંડ આચર્યું હતું.

હવે, આયુષ્માન ભારતના લાભાર્થીઓને મળશે દેશના કેન્સર નિષ્ણાંતોની સારવાર

ન્યુ દિલ્હી

દેશભરમાં આયુષ્માન ભારત યોજનાના લાભાર્થીઓ માટે વધુ એક મોટી ખુશખબર છે. હવે તેઓ કેન્સર જેવા જટીલ રોગની સારવાર માટે દેશના મોટા ગજાના કેન્સર વિશેષજ્ઞોની સલાહ લઈ શકશે. ખાસ વાત તો એ છે કે આ માટે તેમણે ક્યાં જવાની કે કેન્સર નિષ્ણાંત જે શહેરમાં હોય તે જગ્યાએ મુલાકાત લેવાની પણ જરુર નહીં પડે. આ દર્દીઓ દેશભરના કેન્સર નિષ્ણાંતો સાથે ડિજિટલ નેટવર્કસાથે જોડાઈ શકશે. નેશનલ હેલ્થ ઓથોરિટી પાર્ટનરશિપ માટે નેશનલ કેન્સર ગ્રિડ સાથે આ અંગે વાતચીત કરી રહ્યું છે, જે મુંબઈમાં આવેલ ટાટા મેમોરિયલ હોસ્પિટલના માધ્યમથી વર્ચ્યુઅલ ટ્યૂમર બોર્ડ સંચાલિત કરે છે. આ બોર્ડ ગ્રિડના ડિજિટલ માધ્યમ દ્વારા જટીલ કેન્સરના કેસોનું નિવારણ લાવે છે. આ રીતે આયુષ્માન યોજનાના લાભાર્થીઓને દેશની સર્વોત્તમ આરોગ્ય સુવિધા મળી રહેશે. અધિકારીઓએ કહ્યું કે એકવાર આ પ્રસ્તાવને મંજૂરી મળી ગયા પછી ઘણી હોસ્પિટલમાં એકથી વધુ પ્રકારની સારવાર ઉપલબ્ધ ન હોવાની સમસ્યામાં પણ રાહત મળશે. કેન્સર નિષ્ણાંતો મુજબ ભારતમાં કેન્સરના ચોથાભાગના કિસ્સા જટીલ હોય છે. આયુષ્માન ભારતના ડે. ceo દિનેશ અરોડાએ કહ્યું કે, ‘અમે ૨-૩ સપ્તાહની અંદર નેશનલ કેન્સર ગ્રિડ સાથે સમજુતી થવાની આશા સેવી રહ્યા છીએ. આ પગલાથી ન કે ફક્ત છેવાડાના લોકોને કેન્સરની સારવાર મળશે પરંતુ દેશમાં બધા જ પ્રકારના કેન્સરની સારવાર માટે એક સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ પ્રોટોકોલ અને ગાઈડલાઈન્સ બનાવવામાં પણ મદદ મળશે.





અબડાસાના ખાનાય ગામના લીસ્ટેડ બુટલેગર્સને પાસા હેઠળ ધકેલતી ભુજ એલ.સી.બી.



પોલીસ અધિક્ષક સૌરભ તોલંબિયાની સુચના અને માર્ગદર્શનથી એલ.સી.બી., પશ્ચિમ કચ્છ-ભુજ દ્વારા ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનુ વેંચાણ કરતો લીસ્ટેડ બુટલેગર્સ રાસુભા તગજી સોઢા, ઉ.વ.૨૯, રહે.ખાનાય, તા.અબડાસા વાળા વિરૂધ્ધમાં પશ્ચિમ કચ્છ ભુજ જિલ્લાના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશદારૂનુ વેંચાણ કરવા અંગેના અનેક ગુનાઓ દાખલ થયેલ હોય જેથી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી કલેક્ટર કચ્છ-ભુજ નાઓને મોકલાવમાં આવતા કલેક્ટર તરફથી સામાવાળા વિરૂધ્ધની પાસા દરખાસ્ત ગ્રાહ્ય રાખી સામાવાળાને પાસા હેઠળ અટકાયત કરવાનો વોરંટ ઈશ્યુ કરેલ હોય. જે અન્વયે આજ રોજ એલ.સી.બી., પશ્ચિમ કચ્છ-ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ઔસુરાનાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી સ્ટાફ દ્વારા ઉપરોક્ત સામાવાળાને પાસા વોરંટ હેઠળ અટકાયત કરેલ છે, તેમજ સુરત (લાજપોર) ખાસ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

મોરબીના પાનેલી ગામે ડમ્પરની ઠોકરે સતવારા વૃદ્ધનું મોત



ખનીજ ભરેલા વાહનો મામલે અનેક રજૂઆત છતાં કાર્યવાહી ના કરાતા રોષ, ગ્રામજનો એકત્ર થયા

મોરબી નજીકના પાનેલી ગામે આજે સવારના સમયે એક ડમ્પરે બાઈકસવાર વૃદ્ધને ઠોકરે ચડાવતા વૃદ્ધનું કરુણ મોત નીપજ્યું છે તો ખનીજ ભરેલા વાહનો અવારનવાર અકસ્માતો સર્જાતા હોય જેથી ગ્રામજનોનો રોષ ભભૂક્યો હતો અને કલાકો સુધી રસ્તા પર ગ્રામજનો ઉતરી આવ્યા હતા અને મૃતદેહ સ્વીકારવા પણ ઈનકાર કરી દીધો હતો

બનાવની મળતી માહિતી મુજબ પાનેલીના રહેવાસી મીઠાભાઈ હંસરાજભાઈ હડીયલ નામના સતવારા વૃદ્ધ પોતાના મોટરસાયકલ પર જતા હોય ત્યારે ખનીજ ભરેલા ડમ્પરે તેને અડફેટે લેતા વૃદ્ધનું ઘટનાસ્થળે કરુણ મોત નીપજયું હતું તો કક્ક વિસ્તારમાં ખનીજ ચોરી વ્યાપક થતી હોય જેની અગાઉ અનેક રજુઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને આજે ફરીથી ખનીજ ભરેલા ડમ્પરે અકસ્માત સર્જતા ગ્રામજનોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને અકસ્માતના કલાકો વીત્યા છતાં મૃતદેહ સ્વીકારવા ઈનકાર કરી દીધો હતો બનાવને પગલે તાલુકા પોલીસની ટીમ સ્થળ પહોંચી હતી જોકે ગ્રામજનોએ કલેકટર સ્થળ પર આવીને ખનીજચોરી અંગે કાર્યવાહીની ખાતરી ના આપે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવા તૈયાર ના હોવાનું જણાવ્યું હતું અને બાદમાં મામલતદારે સ્થળ પર પહોંચી ગ્રામજનોની રજૂઆત સાંભળી હતી ગ્રામજનોએ ખનીજ ભરેલા વાહનો બેફામ સ્પીડે દોડતા હોવાનું જણાવ્યું હતું અને ખનીજચોરી રોકવા તંત્ર કડક પગલા ભરે તેવી પણ માંગ કરી છે બનાવ અંગે તાલુકા પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ આદરી છે

કચ્છ મોરબી લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર તરીકે વિનોદ ચાવડાને રિપીટ કરાયા



ભુજ કચ્છ : ઘણા દિવસોથી કચ્છ-મોરબી લોકસભાની બેઠક માટે ભાજપમાંથી કોનું નામ ખુલશે તે અંગે અટકળોનો અંત આવતા આજે ભાજપ તરફથી જાહેર થયેલ યાદીમાં કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડાને રિપીટ કરતાં સમગ્ર કચ્છ અને મોરબી પંથકમાં ખુશીનું મોજું ફરી વળ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડબુકમાં વિનોદ ચાવડાનું નામ હોય એવું માનવામાં આવે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વિનોદ ચાવડા બીજી વાર ચૂંટણી લડશે.વિનોદ ચાવડાને ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર વિશ્વાસ મૂકીને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. વિનોદ ચાવડા તત્કાલીન સાંસદ ૨૦૧૪ માં પ્રથમ વાર કચ્છ મોરબી લોકસભા બેઠક માટે ચૂંટણી લડીને જીત્યા હતા.હવે ફરી એક વાર પાર્ટીએ તેમના ઉપર પસંદગીની મોહર લગાવી છે.વિનોદ ચાવડા વર્ષ ૨૦૧૪માં કચ્છ મોરબી લોકસભાની બેઠક પરથી ઉમેદવાર કરી હતી,જેમાં ૨ લાખ વધુ મતો મેળવીને ભારે જંગી વિજય મેળવ્યો હતો.

માનવ જ્યોત સંસ્થા દ્વારા ઉત્તર પ્રદેશનાં પિતા-પુત્રનું બે વર્ષે પછી પુનઃમિલન થયુ



ભુજ કચ્છઃ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાનાં દેવાર ગામનો ૩૦ વર્ષિય યુવાન મોહમદ હલીમ ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. અનેક રાજ્યોમાંથી થઈ તે અચાનક ભુજ સુધી પહોંચ્યો હતો.માંડવીનાં દરિયા કિનારાના વિસ્તાર સુધી પહોંચ્યો હતો.

માનવજ્યોતનાં પ્રબોધ મુનવર તથા રફીક બાવાને તે માંડવીથી મળ્યો હતો.માંડવીથી તેને ભુજ લઈ આવી માનવજ્યોત સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારા મધ્યે રાખી ડો. મહેશભાઈ ટીલવાણી પાસેથી સારવાર કરાવતાં તે માત્ર બે મહિનામાં સ્વસ્થ બન્યો હતો.

માનવજ્યોતનાં સામાજિક કાર્યકર રિતુબેન વર્મા તથા ગુલાબ મોતાએ યુ.પી. પોલીસનો સંપર્ક કરી તેનું ઘર શોધી કાઢ્યું હતું.તેનાં પરિવારજનોને સંદેશો પહોંચતા જ તેના પિતા સમાસુબહક તેને લેવા ભુજ સુધી આવી પહોંચ્યા હતા.પિતા-પુત્રનું બે વર્ષે પછી પુનઃમિલન થતાં બંને એક-બીજાને ભેટી પડ્યા હતા. અને બંનેની આંખોમાં આંસુ વહ્યા હતા. બે બાળકોનો પિતા આખરે તેનાં ઘર અને પરિવાર સુધી પહોંચ્યો છે.

માનવતાનાં આ કાર્યમાં કિશોરભાઈ કેનિયા, વિનોદ મારાજ તથા ઈરફાન લાખા સહભાગી બન્યા હતા.

માનવજ્યોત સંસ્થા તથા રામદેવ સેવાશ્રમ પાલારા દ્વારા માધાપરમાં કુંડા-ચકલીઘર વિતરણ કરવામાં આવ્યું



ભુજ કચ્છઃ માનવજ્યોત સંસ્થા તથા રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ દ્વારા માધાપર દશનામ ગોસ્વામી મહિલા મંડળનાં સાથ તથા સહકારથી કુંડા-ચકલીઘર અને કાપડની થેલીઓનું નિઃશુલ્ક વિતરણ કાર્યક્રમ ખેતરપાળ દાદા મંદિર માધાપર મધ્યે પ્રબોધ મુનવરનાં અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

પ્રારંભે મહિલા મંડળનાં પ્રમુખ સાવિત્રીબેન ગોસ્વામીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.જ્યારે મંત્રી ગીતાબેન ગોસ્વામીએ પ્રસંગ પરિચય આપ્યો હતો. માનવજ્યોતનાં પ્રબોધ મુનવરે સંસ્થાની ચાલી રહેલી માનવસેવા અને જીવદયા પ્રવૃત્તિઓની સમજ આપી હતી. પૃથ્વીરાજસિંહ જાડેજાએ જીવદયા કાર્યને સત્કાર્ય ગણાવ્યું હતું.નાગેશ્વર મહાદેવ મંદિરનાં પૂજારી ગૌરીગિરીજીએ સંસ્થાનાં કાર્યને બિરદાવ્યું હતું.દશનામ ગોસ્વામી મહિલા મંડળ માધાપર દ્વારા પાંચ હજારનું અનુદાન અપાયું હતું.

ઉપસ્થિત સર્વે મહિલાઓને કુંડા-ચકલીઘર-કાપડની થેલીઓનું નિઃશુલ્ક વિતરણ કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન શંભુભાઈ જાષીએ જયારે આભાર દર્શન મુળજીભાઈ ઠક્કરે કર્યું હતું.

વ્યવસ્થામાં જેરામ સુતાર, આનંદ રાયસોની, રાજુ જોગી, બાબુલાલ જેપાલ, વિકાસ મેર તથા મંડળનાં દરેક બહેનોએ સહકાર આપ્યો હતો.

હળવદ નવજીવન વિકલાંગ સેવાશ્રય દ્વારા ૨૭૫ દિવ્યાંગોને સાધનો વિતરણ કરાઈ



૨૭૫ દિવ્યાંગ લાભાર્થી ભાઈઓ-બહેનોને વિહલચેર ઘોડી ટાયસિકલ કેલીપર્સ હાથ-પગ સહિતની કીટ વિતરણ કરાઈ

હળવદ નવજીવન વિકલાંગ સેવાશ્રય અને ભચાઉ ના ઉપક્રમે માનવ સેવાના હિતાર્થે નિશુલ્ક દિવ્યાંગો લાભાર્થીઓ ૨૭૫ લોકોને નિઃશુલ્ક માં કુત્રિમ હાથ પગ ટ્રાઇસિકલ વ્હિલચેર ધોડી, કેલીપર્સ, જેવા વિવિધ સાધનોવિતરણ કરવામાં આવ્યા હતા,આ કાર્યેક્રમની શરૂઆત દિવ્યાગ બાળકો દ્વારા સ્વાગત ગીત ગય ઉપસ્થિત મહેમાનોનું મોમેન્ટમ આપી સ્વાગત કરીયુ હતુ,આ કાર્યક્રમના સમારોહના અધ્યક્ષ ડૉ એસ કે નંદા ડાયરેક્ટર ઓફ હુડકો ન્યુ દિલ્હી ભારત સરકાર, ના અધ્યક્ષ સ્થાને યોજાયો આ કાર્યક્રમમાં અન્ય આગેવાનો બીપીનભાઈ દવે પ્રકાશકુમાર બારોટ શૈલેન્દ્રભાઈ જૈન,વિજયભાઈજાની,કમલેશભાઈ દફતરી ,તપનભાઈ દવે, તેમજ સંતદિપક દાસજી બાપુ સહિતના સંતો મહતો અનેક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા .ગેલેન્ટ મેટલ લિમિટેડ ના જગમોહનસિંગ, ભાસ્કરભાઈ શાહ પરિવાર ,મોરબી અજરામર વિહારધામ ટ્રસ્ટ ,દિલુભા જાડેજા વગેરેના સહયોગથી આ વિતરણ કેમ્પ કરવામાં આવ્યો હતો આ કેમ્પ માં ૨૭૫ દિવ્યાંગોને સાધન સામગ્રી વિતરણ કરવામાં આવી હતી,સમ્રગ કાર્યેક્રમનુ સંચાલન કેતન ભાઈ દફતરી કરયુ હતુ,

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના મંત્રી જીતેન્દ્રભાઈ જોષી દેવજીભાઈ જેડા વિજયભાઈ જોષી જયેશભાઈ રંગાળીયા અમૃતભાઈ ,શામજીભાઈ ,અરૂણભાઈ સહિતના લોકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી,

ડીઝલ ચોરીના બે આરોપીઓને પકડીને ભુજ એલ.સી.બી.એ ડીઝલ ચોરીનો ભેદ ઉકેલ્યો



ભુજ કચ્છઃ આ ડીઝલ ચોરી આજથી એકાદ માસ પહેલા અકબર ઈબ્રાહિમ સમા તથા રીયાઝ રાયબ સમા અને અમારી સાથે મજીદ બીધીયા સમા, રહે.નાનદિનારા, (ખાવડા), તા.ભુજવાળા એમ ત્રણેય જણાએ રાત્રીના ભાગે અમનનગર ચાર રસ્તા હિના પાર્કની બાજુમાં પડેલ ટેમ્પાઓમાંથી ડિઝલ ચોરી કરેલાની કબુલાત કરી છે.

ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એમ.બી. ઔસુરાની સુચનાથી એલ.સી.બી. સ્ટાફના માણસો ભુજ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.

દરમ્યાન પેટ્રોલીગ ફરતા-ફરતા આત્મારામ સર્કલ પાસે આવતા અત્યંત સચોટ અને ભરોસા લાયક બાતમી હકીકત મળેલ કે, એક સીલ્વર કલરની સ્કોર્પીયો કાર રજીસ્ટ્રેશન નં.જીજે-૧૨-એકે-૯૯૮૫ વાળીમાં બે ઈસમો નામે અકબર ઈબ્રાહિમ સમા તથા રીયાઝ રાયબ સમા, રહે.બંન્ને ખાવડા, તા.ભુજવાળાઓ સ્કોર્પીયો ગાડીમાં ચોરી કે છળકપટથી મેળવેલ ડીઝલના કેરબા ભરી માધાપર હાઈવેથી થઈ આત્મારામ સર્કલ પાસેથી નીકળનાર છે. જે મળેલ બાતમી હકીકત આધારે તુરંત જ વર્કઆઉટ કરી આત્મારામ સર્કલ પાસે વોચમાં હતા દરમ્યાન બાતમી હકીકત વાળી સીલ્વર કલરની સ્કોર્પીયો ગાડી આવતા જેને રોકાવી અંદર ડ્રાઈવિંગ સીટ પર બેસેલ ઈસમનું નામ-ઠામ પુછતા પોતે પોતાનું નામ અકબર ઈબ્રાહિમ સમા, ઉ.વ.૨૩, ધંધો-ડ્રાઈવિંગ, રહે. નાનાબાંધા, નવાવાસ, ખાવડા, તા.ભુજવાળો તથા બીજા ઈસમનું નામ-ઠામ પુછતા પોતે પોતાનું નામ રીયાઝ રાયબ સમા, ઉ.વ.૨૨, ધંધો-ડ્રાઈવિંગ, રહે.ખાવડા, તા.ભુજ વાળો હોવાનું જણાવેલ અને સ્કોર્પીયો ગાડીની પાછળના ભાગે જોતા બ્લુ કલરના ૩૫-૩૫ લિટરની ક્ષમતાના આઠ કરેબા પડેલ હોય જે તમામ કેરબા ખોલી જોતા તેમાં ડિઝલ ભરેલ હોય મજકુરોને આ કેરબાઓમાં રહેલ ડિઝલ બાબતેના આધાર પુરાવા કે બીલ હોય તો રજુ કરવા જણાવતા તેણે કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી તથા મજકુર ઈસમોની યુકિત-પ્રયુકિતથી પુછપરછ કરતા આ ડીઝલ આજથી એકાદ માસ પહેલા અમો બંન્ને તથા અમારી સાથે મજીદ બીધીયા સમા, રહે. નાનદિનારા, (ખાવડા), તા. ભુજવાળા એમ ત્રણેય જણાએ રાત્રીના ભાગે અમનનગર ચાર રસ્તા હિના પાર્કની બાજુમાં પડેલ ટેમ્પાઓમાંથી ડિઝલ ચોરી કરેલાની કબુલાત કરતા હોઈ જે બાબતે ખરાઈ કરતા આ ડિઝલ ચોરી બાબતે ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૫૨/ ૨૦૧૯, આઈ.પી.સી. કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જેથી આ મળી આવેલ ડિઝલના કેરબા નંગ-૦૮ માં આશરે ૨૮૦ લિટર ડિઝલ જે એક લીટર ડિઝલ ની કિ.રૂા.૬૦/-ગણી કુલ-૨૮૦, લિટર ડિઝલ ની કિ.રૂા.૧૬,૮૦૦/- તથા ડિઝલની હેરફેર માટે ઉપયોગમાં લીધેલ સ્કોર્પીયો ગાડી કિ.રૂા.૨,૦૦,૦૦૦/- એમ કુલ્લે કિ.રૂા.૨,૧૬,૮૦૦/- નો મુદામાલ સી.આર.પી.સી. કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી મજકુર બંન્ને ઈસમોને સી.આર.પી.સી. કલમ-૪૧-૧-ડી મુજબ અટક કરી આગળની તપાસ અર્થે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ છે.

હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર તરીકે પરસોતમ સાબરીયા જાહેર



નાની સિંચાઈ કૌભાંડમાં સંડોવાયેલા કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ઉમેદવારને ટિકિટ આપતા કાર્યકરોમાં ઉકળતો ચરૂ

હળવદ ધાંગધ્રા વિધાનસભામાં છેલ્લા ઘણા દિવસો થી બેઠક માટે ભાજપ માંથી કોનું નામ ખુલશે તે અંગે અટકળોનો ચાલતી હતી તેનો અંત આવતા આજે ભાજપ તરફ થી જાહેર થયેલ યાદી માં કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પરસોતમ સાબરીયા ના નામ ની જાહેર થતા કાર્યકરોમાં ઉકરતો ચરુ જોવા મળી રહ્યો છે

અત્રે એ ઉલ્લેખનીય છે કે નાની સિંચાઈ કૌભાંડના આરોપી અને કોંગ્રેસમાંથી ભાજપ માં આવેલા પરસોતમ સાબરીયા ને ટીકીટ ફાળવતા કાર્યકરો માં ઉકરતો ચરૂ જોવા મળે છે

આ બાબતે હવે હળવદ ધાગ્રાધાં ના ભાજપના કાર્યકર્તાઓમાં રોષ છે કે, એક સમયે તેમણે જ આ લાંચિયા ધારાસભ્યને જેલ કરાવી હતી, હવે તેજ ધારસભ્યની ઉમેદવારી કરાતા કઈ રીતે મત માંગવા જવુ તેવો સણસણતો પ્રશ્રન કાર્યેકરો ચરચોય રહયો છે કાર્યેકરોમાં ઉકરતો ચરુ જોવા મળી રહયો છે, આ બેઠક ઉપર ત્રિકોણીય જંગ સર્જાઈ શકે છે , જે રસપ્રદ રહેશે તેમલોકો માં ચર્ચાય રહયુ છે.

અંધાશ્રમ આવાસમાં ચાલતુ કૂટણખાનુ ઝડપાયુઃ નવ લોકો ઝડપાયા

જામનગર

જામનગરમાં અંધાશ્રમ ફાટક નજીક આવાસ કોલોનીમાં એક કૂટણખાનું ધમધમતું હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડી ત્રણ મહિલા સહિત પાંચ સંચાલક અને ચાર ગ્રાહકો સહિત નવ શખ્સને પકડી પાડીને રૂ. ૨.૫૦ લાખની રોકડ ઉપરાંત બાઇક સહિત રૂ.૩.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસ સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર શહેરમાં ખોડિયાર કોલોની વિસ્તારમાં એલસીબીના પી.આઇ. આર.એ. ડોડિયાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. જે દરમિયાન અંધાશ્રમ ફાટક પાસે આવાસ કોલોનીમાં એક મકાનમાં બહારથી મહિલા બોલાવી શરીર સુખ માણવાની વ્યવસ્થા કરી કૂટણખાનું ચલાવાતું હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસ ટીમે દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન પોલીસે સંચાલક નીતાબેન મહેન્દ્રભાઇ વાળા, વિરલ મહેન્દ્રભાઇ વાળા, શોભનાબેન રામદેભાઇ બોખીરિયા, કિશન ભરતભાઇ અને તારામતી દિનેશરાય ભટ્ટ સહિત પાંચ સંચાલકોને સકંજામાં લીધા હતા.

એક એવુ ગૃપ કે જે દર રવિવારે એક હજાર પશુઓની સેવા કરવા બોટાદ થી રાણપુર આવે છે



બોટાદ લીંબડા ચોક જીવદયા ગૃપ દ્વારા રાણપુર પાંજરાપોળમાં દર રવિવારે એક હજાર કરતા પણ વધુ અબોલ પશુઓને લીલી નિરણ ખવડાવવા રાણપુર આવે છે

વાત કરીએ બોટાદ જીલ્લાના રાણપુર પાંજરાપોળની કે જ્યા એક હજાર કરતા પણ નિરાધાર અબોલ પશુઓ આશ્રય લે છે.રાણપુર પાંજરાપોળ ની પરીસ્થીતી અત્યંત દયનીય સ્થીતી માં છે દરોજ નો ચાલીસ હજાર નો ખર્ચ સામે કોઈ એવી ખાસ આવક નથી.એક હજાર પશુઓને સાચવવા મુશ્કેલ હતા ત્યારે બોટાદ લીબડા ચોક જીવદયા ગૃપ ને આની જાણ થઈ અને આ ગૃપ દ્વારા નક્કી કરવામાં આવ્યુ કે રાણપુર પાંજરાપોળ ની પરીસ્થીતી ખરાબ હોય આ ગૃપ ના સો કરતા વધુ સભ્યો દર રવિવારે રાણપુર પાંજરાપોળ માં વીસ હજાર ની લીલી નિણ લઈને આવે છે અને પોતાની હાથે જ તમામ અબોલ પશુઓને નિણ ખવડાવે છે અને આ ગૃપની સાથે રાણપુર જૈન સમાજના જીવદયા પ્રેમીઓ પણ આ કાર્યમાં સહભાગી બને છે.છેલ્લા એક વર્ષથી એક પણ રવિવાર ચુક્યા વગર આ લીબડા ચોક જીવદયા ગૃપ દ્વારા દર રવિવારે ફરજીયાત વીસ હજાર રૂપિયા ની લીલી નિણ પશુઓને ખવડાવવાની સાથે માંદા પશુઓની સેવા પણ કરે છે.આ પ્રકારની સેવા જોઈ હાલ તો રાણપુર પાંજરાપોળ ટ્રસ્ટ ના સભ્યો અને રાણપુર ના લોકો આ ગૃપ ની અબોલ પશુઓ પ્રત્યેની લાગણી જોઈ સૌ કોઈ આ પ્રકારની કામગીરી ને બિરદાવી રહ્યા છે.

જો કે સ્મૃતિના ટ્વિટ પર કોંગ્રેસે પણ પ્રતિક્રિયા આપી

સ્મૃતિ ઈરાનીએ કહ્યું, "ભાગ રાહુલ ભાગ" સિંહાસન ખાલી કરો

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સામે ફરી એકવાર સ્મૃતિ ઈરાની અમેઠીથી લોકસભા ચૂંટણી લડવા જઈ રહી છે. પોતાના નિવેદનોથી હંમેશા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર પ્રહાર કરનારી સ્મૃતિ ઈરાનીએ ટ્વિટર દ્વારા ફરી એકવાર રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા છે. ખરેખર સ્મૃતિ ઈરાનીનું આ ટવિટ અલગ અલગ રાજ્યોથી કોંગ્રેસ નેતાઓ દ્વારા રાહુલ ગાંધીને તેમના રાજ્યની લોકસભા સીટ લડવાના આગ્રહ પછી આવ્યું છે. એવી પણ ખબર આવી રહી છે કે રાહુલ ગાંધી અમેઠી સહીત વાયનાડથી પણ ચૂંટણી લડી શકે છે. ત્યારપછી સ્મૃતિ ઈરાનીએ ટ્વિટર એકાઉન્ટ પર અમેઠી કોંગ્રેસ જિલ્લા કમિટીના અધ્યક્ષ દ્વારા જાહેર કરવામાં આવેલો પત્ર પોસ્ટ કરતા લખ્યું કે, 'અમેઠીએ ભગાવ્યો, દરેક જગ્યાએ બોલાવ્યાની સ્વાંગ રચાવ્યો, કારણકે લોકોએ નકાર્યો, સિંહાસન ખાલી કરો'. આ ટવિટ સાથે તેમને #BhaagRahulBhaag હેશટેગ પણ લગાવ્યું.

કન્હૈયા કુમાર બેગૂસરાય બેઠક પરથી સીપીઆઈની ટિકિટ પરથી ચૂંટણી લડશે

દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ને ધ્યાનમાં રાખીને મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી ખૂબ જ ચર્ચામાં રહી હતી. મહાગઠબંધન દ્વારા ટિકિટ ના મળતા હવે વિદ્યાર્થી નેતા કન્હૈયા કુમાર બેગૂસરાય બેઠક પરથી સીપીઆઈની ટિકિટ પરથી લોકસભા ચૂંટણી લડવા જઈ રહ્યા છે. સીપીઆઈના બિહાર એકમના સચિવ સત્યનારાયણ સિંહે પટણામાં આ જાહેરાત કરી હતી.

બેગૂસરાય લોકસભા બેઠક પર ખરાખરીની જંગ હશે કેમકે અહીં ત્રિકોણીય મુકાબલો જોવા મળશે. આ બેઠક પરથી એક તરફ ભાજપના નેતા ગિરિરાજ સિંહ ઉભા છે તો આરજેડીના નેતા તનવીર હસન પણ ઉભા છે અને હવે કન્હૈયા કુમાર પણ આ લડાઈમાં સામેલ થયા છે. એમ મનાય છે કે કન્હૈયાને અન્ય ડાબેરી પક્ષો પણ સમર્થન આપશે અને તેઓ તમામ ડાબેરી પક્ષના સંયુક્ત ઉમેદવાર હશે. હકીકતમાં બિહારની બેગૂસરાય બેઠક અગાઉ ડાબેરીઓ અને ખાસ કરીને સીપીઆઈનો ગઢ મનાતી હતી. પરંતુ ૯૦ના દાયકા બાદ સીપીઆઈ નબળી પડી ગઈ હતી. હવે ડાબેરીઓનો વિજય આરજેડીના સમર્થન પર આધારિત છે.

અટકળો પર મૌન તોડ્યુઃ કોંગ્રેસમાં નથી જોડાઈ,પ્રિયંકા સાથેની તસ્વીર જૂની

કોંગ્રેસના 'સપના' થયા ચકનાચૂર, સપના ચૌધરી કોંગ્રેસમાં નહિ જોડાયા

ન્યુ દિલ્હી

હરિયાણવી ડાન્સર સપના ચૌધરીએ શનિવારે રાત્રે કોંગ્રેસનો ખેંસ ધારણ કર્યો હોવાના સમાચાર હતા જોકે, આ બધાની વચ્ચે સપના ચૌધરીએ આજે યૂ-ટર્ન લીધો છે, સપનાએ જણાવ્યું હતું કે તે ક્યારેય કોંગ્રેસમાં જોડાઈ જ નથી અને તેની પ્રિયંકા ગાંધી સાથેની તસવીર જે માધ્યમોમાં પ્રસારિત થઈ હતી તે હાલની નહીં પરંતુ જૂની તસવીર છે.



છેલ્લા ઘણા દિવસોથી ડાન્સર સપના ચૌધરીની કોંગ્રેસમાં જોડાવાની વાતો માધ્યોમામાં ચર્ચાનો વિષય રહી હતી. એક ચર્ચા એવી પણ હતી કે સપના ચૌધરીને કોંગ્રેસ મથુરા લોકસભા બેઠક પરથી હેમા માલિની સામે લડાવશે, જોકે, મથુરા બેઠક પર ઉમેદવાર જાહેર તો થયા પરંતુ તેમાં સપના ચૌધરીનું નામ નહોતું. આ બધાની વચ્ચે સપના ચૌધરીએ ખુલાસો કર્યો કે તેણે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ લીધું જ નથી.

સપના ચૌધરીએ કહ્યું, પ્રિયંકા ગાંધી સારા વ્યક્તિ છે, મારી મુલાકાત તેમની સાથે મુલાકાત થઈ હતી. મારુ નામનો ઉપયોગ થયો હોય તો ભલે થાય. હું કોંગ્રેસમાં જોડાઈ નથી. મારી લોકસભા લડવાની મારી ઉંમર નથી. મને રાજકારણથી ચીડ છે. હું ક્યાંય જોડાઈ નથી. હું મારું કામ કરી રહી છું, કરતી રહીશ. જ્યારે હું રાજકારણમાં જોડાઈશ તો જણાવીશ કે મે રાજકારણ જોઈન કર્યું છે, પરંતુ હાલમાં સમાચારો ખોટા છે.

કોંગ્રેસે દક્ષિણ બેંગ્લુરુ અને ધારવાડની સીટ પર ઉમેદવારોની જાહેરાત નથી કરી

વડાપ્રધાન મોદી વારાણસીની સાથે-સાથે દક્ષિણ બેંગ્લુરૂથી ચૂંટણી લડશે..!!

ન્યુ દિલ્હી

કોંગ્રેસે શનિવારે મોડી રાતે કર્ણાટકની ૧૮ બેઠકો પર પોતાનાં ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. કોંગ્રેસ અહીંયા ૨૦ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે. જ્યારે બાકીની આઠ બેઠકો પરથી તેના ગઠબંધન સહયોગી જેડીએસનાં ખાતામાં છે.



કોંગ્રેસ ઉમેદવારોની આ યાદીને જોઈને ચોંકાવનારી વાત સામે આવે છે કે પાર્ટીએ દક્ષિણ બેંગલુરૂ અને ધારવાડની સીટ પર ઉમેદવારીની જાહેરાત નથી કરી. ધારવાડમાં ૨૩ એપ્રિલનાં ત્રીજા ચરણમાં મતદાન થશે. એટલે પાર્ટી પાસે હજી સમય છે. પરંતુ દક્ષિણ બેંગલુરૂ સીટ પર બીજા તબક્કામાં ૧૮ એપ્રિલનાં રોજ મતદાન થશે અને અહીં નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૬ માર્ચ છે. છેલ્લા ઘણાં દિવસોથી તેવી ચર્ચા થઈ રહી છે કે વર્ષ ૧૯૯૧થી જ બીજેપીનો ગઢ રહેલા દક્ષિણ બેંગલુરૂ બેઠક પર આ વખતે પીએમ મોદી ચૂંટણી લડી શકે છે. કોંગ્રેસનાં સ્થાનિક નેતાઓ પ્રમાણે, તેમને આશંકા છે કે આ બેઠક પર કોઈ ચોંકાવનારા ઉમેદવારને ઉભો રાખશે. એટલે પાર્ટીનાં હાઈકમાન્ડ વેઈટ એન્ડ વોચનો નિર્ણય લીધો છે.

દક્ષિણ બેંગલુરૂ કોંગ્રેસ વિરોધી સીટ માનવામાં આવે છે. જો ૧૯૮૯ને છોડીને ૧૯૭૭થી અહીં ગેર કોંગ્રેસી સાંસદ જ ચૂંટાયા છે. બીજેપીએ સૌથી પહેલા વર્ષ ૧૯૯૧માં આ સીટ પર કબજો કર્યો હતો. ત્યારે પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી દિવંગત પ્રોફેસરનાં વેંકટગિરિ ગૌડાએ અહીં કેસરીયો લહેરાવ્યો હતો. ૧૯૯૬થી લઈને ગત વર્ષ નવેમ્બર સુધી દિવંગત કેન્દ્રીય મંત્રી અનંત કુમારે આ સીટનું પ્રતિનિધિત્વ કર્યું છે.

કર્ણાટકનાં બીજેપી નેતા ભલે દાવો કરતાં હોય કે તેમની પાસે પીએમ મોદી અહીંથી લડે તેવી કોઈ જાણકારી નથી. પરંતુ સિટી પોલીસ સાથે જોડાયેલા સૂત્રો પ્રમાણે તેમને સોમવારે સવારે શહેરની સુરક્ષા વ્યવસ્થા કડક કરવાનાં આદેશ મળ્યાં છે.

પાકિસ્તાન સમુદ્રમાં ઓઈલ અને ગેસનો ભંડાર શોધવાની ખૂબ જ નજીક..!!

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને કહ્યું છે કે, તેનો દેશ અરબી સમુદ્રમાં મોટા પ્રમાણમાં ઓઈલ અને ગેસનો ભંડાર શોધવાની ખૂબ જ નજીક છે. જો આ ભંડાર મળી જશે તો, પાકિસ્તાન માટે તે જેકપોટ સમાન હશે અને તેની મદદથી પાકિસ્તાનની ગરીબી દૂર થઈ શકશે. આ શોધથી આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલા પાકની આર્થિક સમસ્યાઓનો ઉકેલ આવી જશે. ઈમરાન ખાને કહ્યું કે, અમે તમામ લોકો એવી પ્રાર્થના કરીએ છીએ કે, અરબી સમુદ્રમાંથી મોટા પ્રમાણમાં પ્રાકૃતિક સંસાધન મળે. અમારી અપેક્ષાઓ અપતટીય ક્ષેત્રે ચાલી રહેલા ખોદકામથી છે, જે એક્સોન મોબિલ (ઈટર્ટહ સ્ક્વૈઝી)ની આગેવાની વાળુ જૂથ છે.

ઈમરાન ખાને કહ્યું કે, ઓઈલની શોધ માટે અપતટીય વિસ્તારમાં ખોદાકામ અંતિમ તબક્કામાં ચાલી રહ્યું છે. પહેલા જ ત્રણ સપ્તાહનો વિલંબ થયો છે, પરંતુ એવા સંકેત છે કે, અમે અમારા જળ વિસ્તારમાં પ્રાકૃતિક સંસાધનનો મોટો ભંડાર શોધી લેશું. જેનાથી પાકિસ્તાનની તસવીર સુધરશે.

એક્સોન મોબિલ તથા આંતરરાષ્ટ્રીય તેલ ખાણકામ કંપની ઈએનઆઈ (ENI) જાન્યુઆરી મહિનાથી સમુદ્રમાં ઘણા ઊંડાણ વાળા વિસ્તારમાં ખોદકામ કરી રહી છે. આ વિસ્તારને કેકરા-૧ ક્ષેત્રના નામથી ઓળખવામાં આવે છે. ઈટલીની ઈએનઆઈ તથા અમેરિકાની ઓઈલ કંપની એક્સોન મોબિલ સંયૂક્ત રીતે પાકિસ્તાનના અરબી સમુદ્ર વિસ્તારમાં પ્રાકૃતિક ગેસની શોધ કરી રહી છે.

આતંકવાદને કારણે પશ્ચિમ દેશોની કેટલીક અન્ય કંપનીઓ પાકિસ્તાન છોડીને જતી રહી હતી. એક્સોન મોબિલ અંદાજે એક દાયકા પછી પાકિસ્તાન પરત આવી છે. ગત વર્ષે એક સર્વેમાં પાકિસ્તાની જળ વિસ્તારમાં મોટા પ્રમાણમાં પ્રાકૃતિક સંસાધનનો ભંડાર હોવાના સંકેત મળ્યા બાદ કંપની પરત આવી છે.

ફિલ્મફેર એવોર્ડ્સ – ૨૦૧૯: રણબીર બેસ્ટ એક્ટર (સંજુ), આલિયા બેસ્ટ એક્ટ્રેસ (રાઝી): બેસ્ટ ફિલ્મ 'રાઝી'

)મુંબઈ

૬૪મા ફિલ્મફેર એવોર્ડ્સમાં 'રાઝી' ફિલ્મ છવાઈ ગઈ. શનિવારે સાંજે અહીં આયોજિત કાર્યક્રમમાં 'રાઝી' ફિલ્મને ૨૦૧૮ના વર્ષની શ્રેષ્ઠ ફિલ્મ ઘોષિત કરવામાં આવી હતી. આ જ ફિલ્મમાં કરેલા અભિનય બદલ આલિયા ભટ્ટને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ રણબીર કપૂરે જીત્યો છે, 'સંજુ' ફિલ્મ માટે.

'રાઝી' ફિલ્મે કુલ પાંચ એવોર્ડ જીત્યા છે. એણે બેસ્ટ ડાયરેક્ટર (મેઘના ગુલઝાર), શ્રેષ્ઠ ગીતો (ગુલઝાર – 'ઐ વતન' ગીત માટે) અને શ્રેષ્ઠ ગાયક (અરિજીત સિંહ – 'ઐ વતન' ગીત માટે) એવોર્ડ પણ જીત્યા છે.

ફિલ્મફેર એવોર્ડ્સ કાર્યક્રમમાં બોલીવૂડ ઉમટ્યું હતું. જેમાં સોનમ કપૂર, જહાન્વી કપૂર, કેટરીના કૈફ, સની લિયોની, કાજોલ, અર્જૂન કપૂર, રાજકુમાર રાવ, સંજય લીલા ભણસાલી, કરણ જોહરનો સમાવેશ થાય છે.

શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ સ્વીકારતી વખતે આલિયાએ ફિલ્મનાં દિગ્દર્શિકા મેઘના ગુલઝારનો આભાર માન્યો હતો. એણે સહ-કલાકાર વિકી કૌશલનો પણ આભાર માન્યો હતો અને કરણ જોહરને પોતાનાં એક્ટિંગ ગુરુ તરીકે ઓળખાવ્યા હતા. આલિયાએ રણબીર કપૂરને પોતાનો 'સ્પેશિયલ વન' અને 'આઈ લવ યૂ' કહી સ્ટેજ પર કિસ કરી હતી. 'રાઝી' ફિલ્મના કલાકાર વિકી કૌશલે 'સંજુ' ફિલ્મમાં ભજવેલી ભૂમિકા માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો એવોર્ડ જીત્યો હતો.

બેસ્ટ એક્ટર ફોર ક્રિટીક્સ એવોર્ડ રણવીર સિંહને આપવામાં આવ્યો હતો – 'પદ્માવત' ફિલ્મમાં એણે કરેલી ભૂમિકા માટે. એણે આ એવોર્ડ એનાં નાનીને અર્પણ કર્યો હતો.

ફિલ્મફેર એવોર્ડ્સ વિજેતાઓ :-

બેસ્ટ ફિલ્મ (પોપ્યૂલર) – રાઝી

બેસ્ટ ફિલ્મ (ક્રિટીક્સ) – અંધાધૂન

બેસ્ટ એક્ટ્રેસ (પોપ્યૂલર) – આલિયા ભટ્ટ (રાઝી)

બેસ્ટ એક્ટર (પોપ્યૂલર) – રણબીર કપૂર (સંજુ)

બેસ્ટ ડાયરેક્ટર – મેઘના ગુલઝાર (રાઝી)

બેસ્ટ એક્ટ્રેસ (ક્રિટીક્સ) – નીના ગુપ્તા (બધાઈ હો)

બેસ્ટ એક્ટર (ક્રિટીક્સ) – રણવીર સિંહ (પદ્માવત)

બેસ્ટ સપોર્ટિંગ એક્ટર – વિકી કૌશલ (સંજુ) અને ગિરીરાજ રાવ (બધાઈ હો)

બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ – સુરેખા સિકરી (બધાઈ હો)

બેસ્ટ ડેબ્યૂ એક્ટર – ઈશાન ખટ્ટર (બીયોન્ડ ધ ક્લાઉડ્સ)

બેસ્ટ ડેબ્યૂ એક્ટ્રેસ – સારા અલી ખાન (કેદારનાથ)

બેસ્ટ ડેબ્યૂ ડાયરેક્ટર – અમર કૌશિક (સ્ત્રી)

બેસ્ટ મ્યુઝિક આલબમ – સંજય લીલા ભણશાલી (પદ્માવત)

બેસ્ટ ગીતકાર – ગુલઝાર (ઐ વતન – રાઝી ફિલ્મ)

બેસ્ટ ગાયક – અરિજીત સિંહ (ઐ વતન – રાઝી ફિલ્મ)

બેસ્ટ ગાયિકા – શ્રેયા ઘોષાલ (ઘૂમર – પદ્માવત ફિલ્મ)

સૂત્રોના મતે ભાજપ ૨૫ ઉમેદવારોના સ્થાને નવા ચહેરાને તક આપે તેવી શક્યતા

ભાજપ ઉત્તરપ્રદેશમાં એક તૃતિયાંશ લોકસભા બેઠકો પર ઉમેદવારો બદલશે..!!?

દિલ્હી

ઉત્તર પ્રદેશમાં મુશ્કેલ ચૂંટણી જંગનો સામનો કરી રહેલી ભાજપ એક તૃતિયાંશ લોકસભા બેઠકો પર પોતાના ઉમેદવારો બદલવાની તૈયારીમાં છે. ભાજપની નેતાગીરી ઉમેરવારોની પસંદગી વખતે જીતવાની ક્ષમતા, પરફોર્મન્સ અને છબીના પાસાઓને ધ્યાનમાં રાખીને આગળ વધી રહી છે. પાર્ટીના એક સૂત્રના જણાવ્યા પ્રમાણે પાર્ટી અધ્યક્ષ અમિત શાહ કોઈ પણ નામ એવું નથી ઈચ્છતા જે નબળું હોય. સૂત્રના જણાવ્યા પ્રમાણે આ વખતે ઉત્તર પ્રદેશમાં ભાજપ તેના ૨૫ ઉમેદવારો બદલી શકે છે.

પાર્ટી સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીનિયર નેતાઓ વચ્ચે દરેક બેઠક બેઠક પર ઉમેદવારોને લઈને ઉંડાણપૂર્વકની ચર્ચા ચાલી રહી છે. એટલું જ નહીં ઉમેદવારોની પસંદગીમાં અનેક રાઉન્ડની સ્ક્રૂટની કરવામાં આવી રહી છે અને સર્વે, નમો એપ પર મળેલા ફિડબેક વગેરેને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે જ સાંસદોના પર્ફોર્મન્સને લઈને લોકો પાસે ફીડબેક મંગાવ્યા હતાં અને હવે ઉમેદવારોની પસંદગીમાં તે ઘણો મહત્વનો ભાગ ભજવી રહ્યાં છે.

પાર્ટીને લાગે છે કે, જે ઉમેદવારોના ફિડબેકને લઈને પત્તા કાપવામાં આવી રહ્યાં છે, તેનાથી તેમને વધારે વાંધો નહીં પડે કારણ કે લોકોનો મૂડ જ તેમના પક્ષમાં નથી. આ લોકોની ટિકીટ કાપવાથી પાર્ટીને અંદરથી વિરોધનો સામનો કરવાની શક્યતા પણ ઓછી છે. અત્યાર સુધીમાં પાર્ટીએ રાજ્યમાં ૭૮માંથી ૩૨ બેઠકો પર જ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. બે બેઠકો સહયોગી પાર્ટીએ અપના દલને આપી છે. ગઈ કાલે શનિવારે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીમાં કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ઉત્તર પ્રદેશના ઉમેદવારો પર સવિસ્તાર ચર્ચા કરી. સોમવારે પણ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક યોજાવવાની છે, તેવામાં કહેવાઈ રહ્યું છે કે, ટૂંક સમયમાં જ પાર્ટીના તમામ ઉમેદવારોની જાહેરાત કરી દેશે.

ભાજપે ઉત્તર પ્રદેશમાં અત્યાર સુધી જાહેર કરવામાં આવેલી અત્યાર સુધીની યાદીમાં વર્તમાન ૬ સાંસદોની ટિકીટ કાપવામાં આવી છે. જેમાં શાહજહાંપુરથી સાંસદ અને કેન્દ્રીય મંત્રી કૃષ્ણા રાજનું નામ પણ શામેલ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અનેક અહેવાલમાં પૂર્વી ઉત્તર પ્રદેશમાં અનેક સાંસદોના પરફોર્મન્સ નબળા હોવાની વાત પણ સામે આવી છે. તેવામાં પાર્ટી કોઈ સ્થાનીક એંટી-ઈંકબેંસીથી બચવા ટિકીટ કાપવા પર વિચાર કરી રહી છે.

અખિલેશે પિતાનો વારસો જાળવ્યો,સ્ટાર પ્રચારકોની યાદીમાં મુલાયમસિંહનું નામ ગાયબ

આઝમગઢથી અખિલેશ અને રામપુરથી આઝમ ખાન ચૂંટણી લડશે

લખનઉ

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવની લોકસભા બેઠકને લઈને ચાલી રહેલી અટકળો પર વિરામ લાગી ગયો છે. સમાજવાદી પાર્ટી તરફથી જાહેર કરવામાં આવેલી નવી યાદી અનુસાર, અખિલેશ યાદવ આઝમગઢની બેઠક પરથી લોકસભા ચૂંટણી લડશે. નોંધનીય છે કે છેલ્લી લોકસભા ચૂંટણીમા આ બેઠક પરથી અખિલેશ યાદવના પિતા મુલાયમ સિંહ યાદવે વિજય મેળવ્યો હતો. જ્યારે આઝમ ખાન રામપુરથી લોકસભા ચૂંટણી લડશે.

સમાજવાદી પાર્ટીની નવી યાદીમાં ફક્ત બે નામ છે. જેમાં અધ્યક્ષ અખિલેશ યાદવ અને પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ મંત્રી આઝમ ખાનનું નામ છે. મીડિયા સાથેની વાતચીતમાં અખિલેશ યાદવે સંકેત આપ્યા હતા કે તેઓ આઝમગઢથી ચૂંટણી લડી શકે છે.

વાસ્તવમાં આઝમગઢને સમાજવાદીઓનો ગઢ માનવામાં આવે છે. અહીં લાંબા સમયથી સમાજવાદી નેતાઓનુ રાજ રહ્યું છે.૭૦ના દાયકા સુધી અહી કોગ્રેસનું રાજ રહ્યું પરંતુ બાદમાં સમાજવાદીઓએ આ બેઠક પર કબજો જમાવ્યો છે. વચ્ચે આ બેઠક એસપી અને બીએસપીમાં વહેંચાતી રહી. ૨૦૦૯માં ફક્ત એકવાર બીજેપી અહી જીત હાંસલ કરી શકી હતી.

સમાજવાદી પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે પોતાના સ્ટાર પ્રચારકોના નામની એક યાદી જાહેર કરી છે. જેમાં સમાજવાદી પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ અખિલેશ યાદવ અને પ્રમુખ મહાસચિવ રામગોપાલ યાદવ સહિત તમામ નેતાઓના નામ સામેલ છે પરંતુ મુલાયમ સિંહ યાદવનું નામ યાદીમાં નથી.

તંત્રી સ્થાનેથી...

અશ્લીલ સાઈટથી ગુના

છેલ્લા બે દશકના ગાળામાં દુષ્કર્મ કરનાર નાની વયના યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી ચિંતાજનક રીતે વધારો થયો છે. આની પાછળ કેટલાક કારણો તો બિલકુલ દેખીતા છે. પ્રત્યક્ષ રીતે ઈન્ટરનેટના માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાઈટ્સ સરળ રીતે જોઈ શકાય છે. આના દુષણના કારણે આ બનાવો વધી રહ્યા છે. અલબત્ત સરકારે અશ્લીલ સાઈટ્સ અથવા તો પોર્ન સાઈટ્સ પર પ્રતિબંધ મુકવા માટે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ પગલા લીધા હોવા છતાં તેની અસરકારકતા ઘટી રહી નથી. આની પાછળ પણ આ સાઈટ્સને લઈને યુવાનો ખેંચાઈ રહ્યા હોવાના કારણને જોઈ શકાય છે. કોમ્પ્યુટર અને મોબાઈલ પર ઈન્ટરનેટ ગેમ રમવાની બાબત બાળકોને નુકસાન કરી રહી છે. બાળકો પણ મોટી વયના લોકોની જેમ જ ઈન્ટરનેટ તરફ કેન્દ્રિત થઈ રહ્યા છે. ક્યા ક્યા પ્રકારની સામગ્રી જોવામાં આવી રહી છે. આના પર ખુબ ઓછા લોકોનુ ધ્યાન કેન્દ્રિત થાય છે. આના કારણે બાળકોના શિક્ષણને માઠી અસર થઈ રહી છે. સાથે સાથે બાળકોની માનસિક સ્થિતી પણ ખરાબ થઈ રહી છે. કેટલાક કેસોમાં તો તેમને પુન વસવાટ કેન્દ્રોમાં પણ મોકલી દેવામાં આવે છે. થોડાક દિવસ પહેલા જ કેન્દ્ર સરકારે સ્વાગતરૂપ પહેલ કરીને અશ્લીલ સાઈટ્સ ધરાવતી સંસ્થાઓ પર કાર્યવાહી કરી હતી. સાથે સાથે અશ્લીલ સામગ્રી પિરસતી ૮૦૦ સાઈટ્સ પર પ્રતિબંધ લાદી દીધા હતા. આ સાઈટ્સને બંધ કરવાના આદેશ જારી કરી દીધા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં કોર્ટે અશ્લીલ સાઈટ્સ બંધ કરવાના સંબંધમાં કેન્દ્ર સરકાર પાસેથી જવાબની માંગ કરી હતી. એ વખતે સરકારે ચાઈલ્ડ પોર્નોગ્રાફી પર પ્રતિબંધ મુકવા માટેની સહમતિ દર્શાવી હતી. પરંતુ સિવિલ લિબર્ટિજ અને તમામ સંગઠનોએ એમ કહીને આની સામે વાંધો ઉઠાવ્યોહતો કે કોઈ વ્યક્તિને એકાંતમાં કોઈ પોર્નોગ્રાફી ફિલ્મ જોવાથી કેમ રોકી શકાય છે. પરંતુ આ માત્ર વ્યક્તિ સ્વતંત્રતાનો પ્રશ્ન નથી. શુ ઈન્ટરનેટનો ઉપયોગ કરનાર વ્યક્તિને મર્યાદિત કરી શકાય છે. વર્તમાન સમયમાં આવી કોઈ વ્યવસ્થા નથી જેના કારણે કોઈ નિયંત્રિત ચીજો પુખ્તવયના લોકો સુધી મર્યાદિત રહે. બાળકો ક્લીક કરે ત્યારે આવી કોઈ સાઈટ્સ ન ખુલી જાય. આવી સ્થિતીમાં અશ્લીલ સાઈટ્સોને ચલાવવા માટેની બાબત કેટલી વાજબી છે. ચોક્કસપણે બાળકો સુધી આની ઉપલબ્ધતા ખતરનાક છથે. સાથે સાથે વિકૃતિ સમાન છે. અમને આ બાબતને તાર્કિદની રીતે સમજી લેવાની જરૂર છે. અમારા દિમાગની બનાવટ એવા પ્રકારની છે કે જે ચીજો વ્યક્તિ વારંવાર જુએ છે અને નિહાળે છે, વાંચે છે તેની અસર તેના પર થાય છે. આ પ્રકારની બાબત તેની વિચારવાની શક્તિ પર અસર કરતી નથી પરંતુ સાથે સાથે તેને અન્ય રીતે નુકસાન પણ કરે છે. જે ચીજો વારંવાર વ્યક્તિ નિહાળે છે અને અનુભવ કરે છે તે બાબતને વ્યક્તિ સ્વીકાર કરવા લાગે છે. જેથી પોર્ન સિનેમા અથવા તો કોઈ ડિજિટલ માધ્યમથી પિરસવામાં આવતી પોર્ન ફિલ્મોની અસર તેના દિમાગ પર સીધી રીતે થઈ રહી છે. જો કે અન્ય પાસા પણ તેના માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

ઈન્ટરનેટ માધ્યમથી ઉપલબ્ધ અશ્લીલ સાહિત્ય ગુનાને વધારી દેવા માટેના કારણ

અમારી આસપાસની ચીજો સ્વસ્થ રહેવામાં મદદરૂપ થાય છે પરંતુ...

આ રીતે જીવન સુપરચાર્જ થઈ જશે

તાજેતરમાં જ કરવામા આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અમારા દિમાગ સૌથી તેજ અને શાર્પ એ વખતે રહે છે જ્યારે અમારી વિચારધારા હકારાત્મક રહે છે. સકારાત્મક મનોવિપાનના શોધ કરનાર શોન એકારે પોતાના પુસ્તક ધ હેપ્પીનેસ એડવાન્ટેજમાં સાફ શબ્દોમાં વલખ્યુ છે કે ખુશી સફળતાની ચાવી તરીકે છે. ખુશી અને આશાવાદથી સિદ્ધીઓમાં વધારો થાય છે. જીવનને સુપરચાર્જ રાખી શકાય છે. અમારી આસપાસ કેટલીક એવી ચીજો હોય છે જે અમને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જરૂર માક્ષ તેમને શોધી કાઢવાની અને તેને અમલી કરવાની હોય છે. જો કોઈ કામ ખુશી સાથે કરવામાં આવે તો સફળતા મળતાની સંભાવના વધી જાય છે. જાણકાર તબીબો કહે છે કે વર્ષમાં એક વખત ડાયાબિટીસ અને હાર્ટ રોગની ચકાસણી ચોક્કસપણે કરાવી લેવી જોઈએ. હિમોગ્લોબિન, કોલેસ્ટ્રોલ અથવા તો બ્લડ ગ્લુકોઝ માટે લોહીની ચકાસણી કરાવી લેવી જોઈએ. લિવર, કિડની, થાઈરોઈડ ફક્શનની તપાસ કરાવી લેવી જોઈએ. ૪૦થી વધારે વયના લોકોને નિયમિત રીતે ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રાફી અથવા તો ઈસીજી કરાવવાની જરૂર હોય છે. જે લોકોના પરિવારમાં હાર્ટ રોગ અથવા તો ડાયાબિટીસ અથવા તો હાયપરટેન્શન જેવી તકલીફ રહેલી છે તે લોકોએ તો સાવધાની વધારે રાખવી જોઈએ.તબીબોનુ કહેવુ છે કે કેટલાક લોકોને તો ૨-૩ વર્ષમાં ટ્રેડ મિલ ટેસ્ટ કરાવવાની જરૂર હોય છે. દાંત અને આંખોની પણ તપાસ નિયમિત કરાવી લેવી જોઈએ. મહિલાઓએ નિષ્ણાંત મહિલા તબીબોની સલાહ લેવી જોઈએ. હાર્ટની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ છે.




જો કોઈ કામ ખુશીની સાથે કરવામાં આવે તો સફળતા મળવાની શક્યતા અનેક ગણી વધી જાય છે : હાર્ટની નિયમિત ચકાસણી જરૂરી બની છે

હાર્ટને સ્વસ્થ રાખવા માટે કેટલાક નવા પ્રયોગ પણ કરવા જોઈએ. દાળખાંડમાં એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. જે અમારા શરીર માટે લાભ દાયક હોય છે. તેમાં મેગ્નીઝ હોય છે. જેના કારમે કાર્બોહાઈડ્રેટ્સ ના પાચનમાં મદદ મળે છે. તે શરીરમાં કેલ્શિયમને ખેંચીને બ્લડ શુગરને નિયમિત કરવામાં મદદ કરે છે. શોધ દર્શાવે છે કે દાળખાંડના બૈડ એલડીએલ કોલેસ્ટ્રોલ સાથે જોડાણ રાખે છે. ડાયટિશિયન લોકોનુ કહેવુ છે કે દાળખાંડને ચા અથવા તો કોફીમાં મિલાવીને પીવાથી લાભ થાય છે. નિષ્ણાંતો કહે છે કે કેટલીક બાબતોને ના કહેવાથી પણ ફાયદો થાય છે. પુસ્તક નો ૨૫૦ વેજ ટુ સે ઈટ માં કહેવામાં આવ્યુ છે કે દરેક વખત લોકોને ખુશ કરવાની કોઈ જરૂર નથી. તેમનુ કહેવુ છે કે મોટા ભાગે હા પાડનાર લોકો પોતાનાથી નાખુશ હોય છે. અથવા તો નારાજ હોય છે. કારણ કે તેમને લાગે છે કે જેમ કે તેઓ કોઈ જાળમાં ફસાઈ ગયા છે. ઈન્કાર કરીને તમે પોતાના સમયને બચાવી શકો છો. બ્રિટીશ જર્નલ ઓફ ન્યુટ્રિશનમાં પ્રકાશિત કરવામાં આવેલા એક લેખમાં કહેવામાં આવ્યુ છે કે જે સગર્ભા મહિલાઓમાં વિટામિન ડીનુ સ્તર ઓછુ હોય છે તેમના બાળકોમાં પ્રી સ્કુલિંગના ગાળા દરમિયાન સામાજિક અને માનસિક યોગ્યતા પર નકારાત્મક પ્રભાવ જોવા મળે છે. જેથી તાપમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ફોર્ટિફાઈડ દુધ અને દાળને પોતાના ભોજનમાં સામેલ કરવાથી ફાયદો થાય છે. દરેક ઘરના રસોડામાં મળનાર મેથી દાણા પ્રોટીન સોલ્યુબલ પાઈબર અને ઓમેગા -૩ ફેટી એસિડ ધરાવે છે. તેમાં મળનાર પાઈબર ગ્લુકોઝ ચુસી લેવાની પ્રક્રિયાને ઓછી કરી નાંખે છે. જો ભોજનમાં ૨૫ ગ્રામ મેથી દાણાને સામેલ કરવામાં આવે તો પરિણામ સારા મળે છે. અમેરિકાના નેશનલ એસોસિએશન ઓફ મ્યુઝિક મર્ચેન્ટસ ફાઉન્ડેશનના કહેવા મુજબ સંગીત સાંભળવાના પણ કેટલાક ફાયદા રહેલા છે. સંગીત સાંભળવાથી અલ્ઝાઈમર અને ડિમેન્શિયાના દર્દીઓની યાદ શક્તિ વધી જાય છે. તેમાં વયની મર્યાદાને તોડવાની ક્ષમતા વધારે હોય છે. સ્વસ્થ રહેવા માટેના કેટલાક રાજ છે. જો કે અમારી આસપાસ એવી ચીજો હોય છે જે સ્વસ્થ રહેવામાં મદદ કરે છે. તેમને શોધી કાઢીને ઉપયોગ કરવામાં આવે તો લાભ થાય છે. પાણી ઉપયોગમાં વધારે કરવાથી લાભ થાય છે. પાણી આપની સ્કીનને પોષણ આપે છે. પાણી આપના દિમાગને તેજ કરે છે. સ્વસ્થ વ્યક્તિને દિવસમાં ત્રણ લીટર પાણીનો ઉપયોગ કરવો જોઈએ. લાંબા સમય પાણી ન પીવાથી યાદશક્તિને અસર થાય છે.

બદલાઈ રહેલી જીવનશેલીના કારણે સગર્ભા મહિલાઓમાં પરેશાની

થાઈરોઈડથી શિશુ પર માઠી અસર

જાણકાર નિષ્ણાંત તબીબોનુ કહેવુ છે કે ખાવાપીવાની ખોટી ટેવ અને બદલાઈ રહેલી જીવનશેલીના કારણે સગર્ભા મહિલાઓમાં હવે કેટલીક પ્રકારની તકલીફ વધી રહી છે. અનિયમિત લાઈફસ્ટાઈલના કારણે જ સગર્ભા મહિલાઓને હવે વધારે પરેશાની થઈ રહી છે. જેના કારણે તેના શિશુ પર માઠી અસર પણ થઈ રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે સગર્ભાવસ્થાના ગાળા દરમિયાન મહિલાઓને બ્લડ પ્રેશર, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી મોટી તકલીફ ઉભી થઈ જાય છે. આના કારણે શિશુના આરોગ્ય પર પણ ગંભીર અસર થાય છે. સગર્ભાવસ્થાના શરૂઆતના ત્રણ મહિનાના ગાળામાં ડાયાબિટીસનુ સ્તર ૮૦-૧૦૦-૧૧૦ મિગ્રાથી વધારે થઈ જાય તો તબીબોની સલાહ ચોક્કસપણે લેવી જોઈએ. આને જેસ્ટેશનલ ડાયાબિટીસ પણ કહેવામાં આવે છે. સગર્ભા મહિલાઓના બ્લડ શુગરનુ પ્રમાણ પણ વધારે રહે છે. આના કારણે શિશુના લિવરના વિકાસમાં અડચણો આવે છે. શિશુનુ વજન પણ વધારે થ�ઈ શકે છે. ડિલિવરી બાદ ડાયાબિટીસની સમસ્યા ખતમ થઈ જાય છે. નિષ્ણાંત તબીબો અભિપ્રાય આપતા કહે છે કે સગર્ભાવસ્થાના ગાળા દરમિયાન શુગર લેવલ અનિયમંત્રિત હોવાના કારણે ગર્ભપાત, સમય કરતા પહેલા બાળકોના જન્મ અને પ્રસવમાં પિડા જેવી સમસ્યા ઉભી થાય છે. ગર્ભાવસ્થાના ગાળા દરમિયાન હાઈપોથાઈરાડિજમ હોવાના કારણે બાળકના વિકાસમાં અનેક પ્રકારની સમસ્યા આવે છે. આના કારણે ગર્ભવતી મહિલામાં રેટિનોપૈથી (આંખની બિમારી) અને નેફ્રોપેથી (કિડનીની બિમારી) થવાનો ખતરો વધી જાય છે. થાઈરોઈના હાર્મોન ટાઈપ-૧ ડાયબિટીસના દર્દીમાં ઈન્સુલિનના પ્રભાવને પણ ઘટાડી નાંખે છે. આના કારણે બ્લડ શુગર અનિયંત્રિત થઈ જાય છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સગર્ભાવસ્થાના ૨૦માં સપ્તાહ સુધી હાઈ બ્લડ પ્રેશરથી પ્રી એક્લૈમપ્સિયાની પરેશાની રહે



અનિયમિત જીવનશેલીના કારણે સગર્ભા મહિલાઓમાં બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને થાઈરોઈડની સમસ્યા ઉભી થાય છેઃ શિશુ પર અસર

છે. યુરિન મારફતે પ્રોટીન નિકળે છે. પ્લેસેન્ટામાં લોહી પ્રવાહ યોગ્ય રીતે ન હોવાના કારણે શિશુને જરૂર કરતા ઓછા પ્રમાણમાં ઓક્સીજન મળે છે. જેથી બાળકના વિકાસમાં પૂર્ણ અડચણો આવે છે. જોડકા બાળક, વધારે મોટી વયમાં ગર્ભધારણ કરવાની બાબત, ટેન્શનના મુખ્ય કારણ છે. પ્રસવ બાદ કેટલીક વખત તો ડાયાબિટીસ બ્લડ પ્રેશર સામાન્ય પણ થઈ જાય છે. સમય સમય પર ચકાસણી કરવામાં આવે તો ફાયદો થાય છે. ડાયાબિટીસથી બચવા માટે કેટલાક પ્રમાણમાં નવા પ્રયોગ કરી શકાય છે. આર્યુવેદમાં પણ કેટલાક કારણો રહેલા છે. જેના ભાગરૂપે મહિલાઓને ગર્ભ ધારણ કરતા પહેલા આની તૈયારી ત્રણ મહિના પહેલા શરૂ થઈ જાય છે. પહેલા શરીરના શુદ્ધિકરણ માટે પંચકર્મ કરવાની જરૂર હોય છે. માસિક ધર્મના શરૂના ત્રણ દિવસ દરમિયાન ભાતનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. ગર્ભાવસ્થાના પ્રથમ મહિનામાં ઉકાળેલા દુધનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે હાડકાને રાહત મળે છે. સગર્ભા વસ્થાના ગાળા દરમિયાન મહિલાઓ હળવા યોગ કરે તો તેના કારણે ફાયદો થાય છે. સગર્ભા મહિલાઓએ તિતલી આસન અને અનલોમ વિલોમ આસન કરવાની જરૂર હોય છે. જો કે તબીબોની સલાહ આ મામલે ખુબ જરૂરી હોય છે. તબીબોની સલાહ બિના કોઈ યોગ કે આસન કરવામાં ન આવે તે જરૂરી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સાઈઝ ઝીરો મહિલાઓ વધુ વજન ધરાવતી મહિલાઓની સરખામણીમાં સગર્ભા ઓછી થાય છે. ખતરનાક સ્થૂળતા તરીકેના વર્ગમાં આવેલી મહિલાઓની સરખામણીમાં આ મહિલાઓની તકો જુદી જુદી હોય છે. ફર્ટીલીટી સ્પેશિયાલિસ્ટ તબીબ રિચર્ડ શેરબાને માહિતી આપતા કહ્યું છે કે વધારે વજન ધરાવતી મહિલાઓમાં આરોગ્યના જોખમો ચોક્કસપણે રહેલા છે પરંતુ સાઈઝ ઝીરો મહિલાઓ સામાન્ય મહિલાઓની સરખામણીમાં ઓછી સગર્ભા થાય છે. આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઘણા પરિબળો જવાબદાર છે. યુવતીઓ અને મહિલાઓમાં સાઈઝ ઝીરોનો ક્રેઝ હાલમાં જોવા મળી રહ્યો છે પરંતુ આ પ્રવાહ ખૂબ જ ખતરનાક છે. આનાથી આરોગ્યને પણ નુકશાન થઈ રહ્યું છે. એડવાન્સ ફર્ટિલિટી સેન્ટ્રલ ઓફ શિકાગોના નિષ્ણાંતોએ આશરે ૨૫૦૦ જેટલી મહિલાઓને આવરી લઈને કરેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. ચકાસણી હેઠળ લેવામાં આવેલી મહિલાઓને ત્રણ ગ્રુપમાં વિભાજિત કરી દેવામાં આવી હતી.

નવજાત શિશુમાં ઈન્ફેક્શનનો ખતરો ખુબ વધુ...

ફિઝીકલ મેકઓવર સ્ટેશન
વજન ઉતારવા માટે
કસરતો, ઈલેક્ટ્રીક સ્ટીમ્યુલેટર,ડાયેટ
ફિટનેસ કસરતો
પિલટિસ યોગા, પાવરયોગા સ્ટ્રેંથ ટ્રેઈનીંગ, સ્ટેમીના બીલ્ડરસ્પ
કસરતના મશીનો
સાયકલ, ટ્વીસ્ટર,વેસ્ટસ્યુબ,એન્ડ બ્રેગ્સ, જીમ બોલ, મેડીસીન,બોલ એન્ડ બ્રેગ્સ
બોડી ટોનીંગ અને ફર્મીંગ
૧૬ ચેનલ ઈલેક્ટ્રોનીક મશીન સ્ટીમ્યુલેટર
ઈન્ટરવલ ઈંચ લોસ
કેવીટેશન, R.F., લેસર મીપો
ડાયેટ કોર્મેશન
વજન ઉતારવા- વજન જાળવવા ફીટનેસ જાળવવા
ઓનલાઈન ફીટનેસ
કસરતની વીડીયો-ડાયેટ કોર્મેશન-સતત માર્ગદર્શન
ફીટનેસ ફોર ઓલ
સીનીયર સીટીઝન, ખોડખાપણ વાળા આર્થરાઈટીસ વાળા, સ્પોંડીલાઈટીસ,વાળા લાકો પણ વજન ઉતારો

તનિશ કોસ્મેટીક અને હેર સેન્ટર
ખરતા વાળ-ખોળો
ખરતાવાળ-ખોડો, હેર સીરમ માટે હેર ટોનીક, હેર સીરમ
ખીલ-ખીલના ડાઘ
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર
આંખના કાળા કુંડાળા
અન્ડર આઈ સીરમ, કેમીકલ પીલીંગ
શરીર ના કાળા ભાગ
બગલ, કોણી, ઘૂટણ, ઘૂંટી માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ, મેસોથેરાપી વીથડર્મારોલર, ક્રીમ બેઝ પ્રોગ્રામ
એન્ટી એજીંગ (ઘડપણ રોકવા)
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ, મેસોથેરાપી વીથ ડર્મારોલર,ક્રીમ બેઝ પ્રોગ્રામ, સ્નો સેલ પીલીંગ
ઈન્સ્ટન્ટ ફેરનેસ
માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ ક્રીમ બેસ પ્રોગ્રામ મેસોથેરાપી વીથ ડર્મારોલર
સ્કીન મેઈનટેનન્સ
(ડ્રાય નોર્મલ ઓઈલી સ્કીન, ક્રીમ બેઝીઝ પ્રોગ્રામ માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ,પીલીંગ,
સ્કાર ટ્રીટમેન્ટ
સર્જીકલ-એકને.... માઈક્રોડર્માબ્રેશન, કેમીકલ પીલીંગ મેસોથેરાપી વીથ ડર્મા રોલ ક્રીમ બેઝીઝ પ્રોગ્રામ

ક્લીનીક પર આવતા દરેક દર્દીને સલાહ ને કસરત માત્ર ડૉ. ખુશ્બુ જોશી દ્વારા જ કરાવવામાં આવે છે.
4 & 5, ધવલ એપાર્ટમેન્ટ, રાંદેર ટેલીફોન એક્ચેન્જની બાજુમાં અમીધારાવાડી ચોકસીવાડી રોડ, અજરામર ચોક, રાંદેર, સુરત.
94275 55696,97269 10173
હોમ વિઝીટ સુવિધા ઉપલબ્ધ છે.
Visit us on : www.tanishphysioandfitness.com

સુરતમાં આંતર રાજ્ય ઘરફોડ ચોરી કરતી ગેંગના ત્રણ લોકો ઝડપાયા

સુરત

ક્રાઈમ બ્રાન્ચે આંતર રાજ્ય ઘરફોડ ચોરી કરતી નેપાળી ગેંગના ત્રણને ઝડપી પાડ્યા હતા. જેથી અલગ અલગ શહેરના મોટા ઘરફોડ ચોરીના ગુના ઉકેલાયા છે. ક્રાઈમ બ્રાન્ચે રૂસ્તમપુરામાં આવેલા મુથુટ ફાયનાન્સ ઓફિસમાં ચોરી કરે તે પહેલા બાતમી આધારે ઝડપી પાડ્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચને મળેતી બાતમી આધારે રૂસ્તમપુરા વિસ્તારમાં આવેલા મુથુટ ફાયનાન્સની ઓફિસ નીચેથી નેપાળી ગેંગના રીઢા આરોપીઓ રૂપસિંગ કરણસિંગ બિસ્ટ, સાગર દેવરાજ ખાતી, રોશન નારાયણ પરીહારને ઝડપી પાડ્યા હતા. અને બે લોખંડના ગણેશીયા, એક આરી , પાના સાથની એક બેગ, નંબર વગરની બાઈક મળી કુલ ૫૦૨૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. અને ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઝડપાયેલા આરોપી પૈકી રૂપસિંગ અને સાગર રીઢા ઘરફોડ ચોરો અગાઉ મહારાષ્ટ્ર પુણેમાં ચોરી કરતા ઝડપાયા હતા. અને હાલ સુરતમાં મોટી ચોરીને અંજામ આપવાના હતા દરમિયાન ઝડપાઈ ગયા હતા. જેથી સુરતના ચોકબજાર, બારડોલી અને વાપીના લાખો રૂપિયાના ઘરફોડ ચોરીના ગુના ઉકેલાયા છે.

SHREE GANESH MOBILE
મોટી ખુશી, નાના હપ્તે
સરળ હપ્તે ફોન વસાવો.
0%
0% Down Payment
0% Processing Fees
0% Interest
BAJAJ FINSERV EMI FINANCE
HOME CREDIT
HDFC BANK We understand your world
IDFC FIRST Bank (CAPITAL FIRST)
Pine Labs Pioneering Payment Technologies NO COST EMI
ડેબીટ કાર્ડ પર વ્યાજ વગર સરળ હપ્તે મોબાઈલ મેળવો.
All Debit & Credit Card Accepted

STAR STUDENT HUB
THE CBSE COACHING CLASS
Delivering 100% Result since last 4 years of CBSE Xth
CBSE Std 10th Mar-15 = 100% CBSE Std 10th Mar-17 = 100%
CBSE Std 10th Mar-16 = 100% CBSE Std 10th Mar-18 = 100%
ADMISSION OPEN
For CBSE Std. 8th 9th 10th & 12th Science A.Y. 2019-20
We Prepare our Students for Excellence !!!
CBSE Std. 10th Batch Started From 15th March
CBSE Std. 8th, 9th & 12th Science Batch Commencing From 1st April
CBSE Xth March - 18 Result
PATEL FAIZAN (Matliwala) 9.40 CGPA
MISTRY BHARGAV (Matliwala) 8.30 CGPA
PATEL KAISH (Matliwala) 8.15 CGPA
UGHRADAR SABAH (Matliwala) 8.00 CGPA
BABAR MOHAMMED (Matliwala) 8.00 CGPA
PATEL UMAR (Matliwala) 7.40 CGPA
PATEL AKILA (Matliwala) 7.10 CGPA
Our Salient Features :
Limited Students per Batch.
Study Material according to CBSE Syllabus
Ontime course completion
Teachers with 10+ years of Teaching Experience
For more details please contact personally between 9a.m. to 11a.m. & 5p.m. to 7p.m.
Address : F-15, Mohammedi City Corner, Mohammedpura, Bharuch. 63559 17535

Podar Jumbo Kids
EYFS UK's Pre-School Curriculum
Playgroup, Nursery, Jr. KG, Sr. KG
Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning
Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
લક્ઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
શેતરંજી આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ
AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન
દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર
AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર
Non AC Bus
રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન
દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકેનાલ, મદુરાઇ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
દિવસ-૧૨
AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree
Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT
CROWN & BRIDGE
ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

150 YEARS OF CELEBRATING THE MAHATMA
ખાદી ગ્રામોદ્યોગ કમીશન અમદાવાદ દ્વારા આયોજીત
Khadi India
ખાદી તથા ગ્રામોદ્યોગ નું ભવ્ય પ્રદર્શન અને વેચાણ
પ્રદર્શનમાં ખાદીના હાથવણાટથી બનેલા કાપડ અને તૈયાર વસ્ત્રો ઉપર ખાસ સરકારી વળતરનો લાભ મેળવો.
૧૦% થી ૨૫%સુધી વળતરનો લાભ મેળવો
ખાદી વસ્ત્રોનો વધારેમાં વધારે ઉપયોગ કરી હાથ વણાટ કરતા ભાઇ-બહેનો ને રોજી આપવામાં અમને સાથ સહકાર આપશો.
ખાદીનું દરેક પ્રકારનું કાપડ, તૈયાર શર્ટ, ઝભ્ભા, લેંઘા, સદરા, અને આયુર્વેદીક દવાઓ, અથાણા, પાપડ, સાબુ, બુટ, ચંપલ, તથા અનેક પ્રકારની હાથ બનાવટની વસ્તુઓ મળશે.
સ્થળ : હોસ્ટેલ ગ્રાઉન્ડ, પાંચબત્તી, ભરૂચ.
તા.10-3-19 થી 24-3-19 • સમય : બપોરે 12 થી રાત્રે 10 કલાક

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
• ઈન્ટરનેશનલ વર્લ્ડવાઇડ વોરંટી
• લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઇડ
• ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
• રીચાર્જેબલ હીયરીંગ એઇડ
• જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઇન્ટમેન્ટ લઇને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

PODAR WORLD SCHOOL
EYFS Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets
Motion based Gesture Controlled Learning
Ranked #1 Pre-School
Learning through AR / VR
Gamification of Learning
92 Years of Experience
International Student Debates through Video Conferencing
CCTV Security Surveillance
RFID with SMS Alert for Parents
ADMISSIONS OPEN
Playgroup to Class VIII
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ – નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

શું સાચ્ચે કિડની સ્ટોનની દવા છે બીયર?

કિડની સ્ટોનથી બચવા માટે બીયર પીવાથી સ્ટોન નીકળી જાય છે અને દુખાવાથી આરામ મળે છે

કિડની સ્ટોનની સમસ્યા આજકાલ સામાન્ય થઈ ગઈ છે અને એનાથી હેરાન મહિલાઓની સંખ્યા વધતી જઈ રહી છે. કારણકે આ કિડની સ્ટોનનો દુખાવો પીડાદાયક હોય છે અને પીડા સમયે શું થઈ રહ્યું છે તે સમજી શકતું નથી. જ્યારે સ્ટોનનો દુખાવો થાય ત્યારે બેચેન થઈ જવાય છે કારણકે પેટથી લઈને પીઠ સુધી કિડની સ્ટોનનો દુખાવો થાય છે.

જ્યાારે બહુ દુખાવો થાય ત્યારે એકમાત્ર ઉપાય છે, બીયર. હાં, સાંભળવામાં થોડુ અજીબ લાગે છે, પણ કિડની સ્ટોનથી બચવા માટે બીયર પીવાથી સ્ટોન નીકળી જાય છે અને દુખાવાથી આરામ મળે છે.



કિડની સ્ટોનના કારણ

કિડની સ્ટોન અમારી ખરાબ લાઈફસ્ટાઈલ, બૉડમાં પાણીની કમી, એક્સરસાઈઝની કમી, અધિક ચા-કૉફીનું સેવન, તળેલું ભોજન, વધારે મીઠું અને યૂરીનને રોકવું આ બધા કારણોથી કિડની સ્ટોનની સમસ્યા થાય છે. એ સિવાય સ્ટોન થવાનું મુખ્ય કારણ શરીરમાં ઉચ્ચ કેલ્શિયમની હાજરી છે. જ્યારે મીઠું અને અન્ય મિનરલ એકબીજાના સંપર્કમાં આવે છે તો સ્ટોન તૈયાર થવા લાગે છે, જેને કિડની સ્ટોન કહેવાય છે. એટલે કિડનીમાં પથરી કેલ્શિયમ, ઑક્સલેટ અને કેલ્શિયમ ફૉસ્ફેટથી બને છે. સ્ટોનની સમસ્યા દુખાવાની સાથે ઘણી હેરાનીને સ્વાગત આપે છે.

શું સ્ટોનનો ઈલાજ છે બીયર?

*પથરીનો જડથી વિનાશ કરવા કોઈ ટ્રીટમેન્ટ નથી, પરંતુ કેટલાક ઘરેલૂ ઉપાયથી નાની સાઈની પથરીને નીકાળી શકાય છે. એના માટે વધારે લિક્વિડ પીવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ મોટી સાઈઝની પથરી માટે ઑપરેશનની જરૂર પડે છે. કેટલાક અભ્યાસો એવો દાવો કરે છે કે એવામાં રેગ્યુલર થોડી માત્રામાં બીયર પીવાથી સ્ટોન નીકળી જાય છે. પરંતુ ધ્યાનમાં રાખવું કે બીયર **Barley**થી બનેલી હોવી જોઈએ અને બીયર પીવાથી ફક્ત નાની સાઈઝના જ સ્ટોન નીકળી જાય છે.*

વાઈ ફાઈ અને ડેટા કનેક્શન વગર જુઓ YouTube પર વીડિયોઝ



જો તમને વીડિયોઝ જોવાનો શોખ છે, તો તમે આ મુશ્કેલી અનુભવી જ હશે. અહીં અમે તમારા માટે તેનો ઉકેલ લાવ્યા છીએ. આ ટ્રિકથી તમે વાઈફાઈ કે ઈન્ટરનેટ કનેક્શન વગર યુટ્યુબનો લાભ લઈ શકશો.

ટ્રાવેલિંગ કરવા દરમિયાન આપણે કેટલીકવાર એવા સ્થળોએ જઈએ છીએ જ્યાં ઈન્ટરનેટ કનેક્શન નથી હોતા, અથવા તો સ્લો હોય છે. ત્યારે તમારા ફોનની કનેક્ટિવિટી અટકી જાય છે. આમ તો ઈન્ટરનેટ કનેક્શન ન હોય તો ઘણી મુશ્કેલી પડે છે. જેમાંથી એક મુશ્કેલી છે YouTube વીડિયોઝ ન જોવા મળવા. જો તમને વીડિયોઝ જોવાનો શોખ છે, તો તમે આ મુશ્કેલી અનુભવી જ હશે. અહીં અમે તમારા માટે તેનો ઉકેલ લાવ્યા છીએ. આ ટ્રિકથી તમે વાઈફાઈ કે ઈન્ટરનેટ કનેક્શન વગર યુટ્યુબનો લાભ લઈ શકશો. યુટ્યુબે આ ઓફલાઈન ફીચર ૨૦૧૪માં જ લૉન્ચ કર્યુ હતું. જેની મદદથી યુઝર્સ વાઈફાઈ વગર કે ઈન્ટરનેટ વગર વીડિયોઝ જોઈ શકે છે.

આ રીતે વાઈફાઈ કે ઈન્ટરનેટ ડેટા વગર વાપરો યુટ્યુબ

- સૌથી પહેલા યુટ્યુબ ઓપન કરો અને તમારે જે વીડિયો જોવો હોય તે સર્ચ કરો.
- આ સમયે તમારા ફોનમાં ઈન્ટરનેટ કનેક્શન હોવું જરૂરી છે.
- હવે તમારો વીડિયો ઓપન કરો અને નીચે આપેલા ડાઉનલોડ બટન પર ટેપ કરો
- જ્યારે તમે આ બટન પર ક્લિક કરશો તો તમને ક્વોલિટી અંગેનો ઓપ્શન મળશે. તમે તમારા મત મુજબ એ સિલેક્ટ કરી શકો છો.
- બાદમાં તમે લાઈબ્રેરીમાં જઈને ડાઉનલોડ પર ટેપ કરીને વીડિયો ઈન્ટરનેટ કનેક્શન વગર જોઈ શકો છો.

ધ્યાન રાખો કે આ રીતે વીડિયો તમારા મોબાઈલમાં માત્ર ૩૦ દિવસ સુધી જ રહેશે, બાદમાં ડિલીટ થઈ જશે.

તો સાથે જ યુટ્યુબે યુઝર્સ માટે ઓનલાઈન મ્યુઝિક સ્ટ્રીમિંગ સર્વિસ YouTube Music અને YouTube Premium પણ ભારતમાં લૉન્ચ કરી છે. યુટ્યુબ મ્યુઝિકની સાથે સાથે યુઝર્સ પાસે Spotify, Amazon Music, Jio Saavn, Gaana, Airtel જેવા વિકલ્પો પણ ઉપલબ્ધ છે.



કેવી રીતે શરૂ થઈ લગ્નની પરંપરા ?

વિવાહને એક પવિત્ર અને જરૂરી સંસ્કાર ગણવામાં આવે છે. વંશવૃદ્ધિ અને પરિવાર જેવા શબ્દ વિવાહના ગઠબંધનમાંથી આવ્યા છે. લગ્ન સંસ્કાર વિના જીવનની કલ્પના નથી કરી શકાતી. ઘર, સંસાર અને વિશ્વનું અસ્તિત્વ સાત ફેરામાં સમાયેલું છે. પણ વિવાહ સંસ્કાર આદિ-અનાદિ કાળથી પ્રચલિત નહોતું. એક ઋષિના પ્રયત્નો દ્વારા વંશવૃદ્ધિની આ પરંપરાને વિવાહના સંસ્કારોમાં પરોવાઈ છે.

ઋષિ શ્વેતકેતુએ શરૂ કરી હતી પરંપરા

શાસ્ત્રો પ્રમાણે, વિવાહ સંસ્કારની પરંપરા ઋષિ શ્વેતકેતુએ શરૂ કરી હતી. કૌશીતકિ ઉપનિષદ પ્રમાણે શ્વેતકેતુ વિશ્વપ્રસિદ્ધ ગુરુભક્ત આરુણિના પુત્ર અને ગૌતમ ઋષિના વંશજ હતા. આરુણિને ઉદ્દાલક પણ કહેવામાં આવે છે. છાંદોગ્ય ઉપનિષદમાં પણ શ્વેતકેતુને આરુણિના પુત્ર કહેવાય છે. તે પરમ જ્ઞાની સંત અષ્ટવક્રના ભાણેજ હતા. તેમને તત્વજ્ઞાની આચાર્ય કહેવામાં આવેલ છે. પાંચાલ દેશના રહેવાસી શ્વેતકેતુની ઉપસ્થિતિ રાજા જનકની સભામાં હતી અને તેમના વિવાહ દેવલ ઋષિની પુત્રી સુવર્ચલા સાથે થયા હતા.

લગ્ન પરંપરા પહેલા આવું થતું હતું

પ્રાચીનકાળમાં જ્યારે વિવાહ સંસ્કારનું અસ્તિત્વ નહોતું ત્યારે સ્ત્રીઓ સ્વતંત્ર અને ઉન્મુક્ત જીવન પસાર કરતી હતી. તેમનામાં પશુ-પક્ષીઓની જેમ યૌનાચાર કરવાની પ્રવૃત્તિ હતી. એક વાર જ્યારે શ્વેતકેતુ પોતાના માતા પિતા સાથે બેઠા હતા, ત્યારે એક પરિવ્રાજક આવ્યો અને તેણે શ્વેતકેતુની માતાનો હાથ પકડ્યો અને તેને પોતાની સાથે લઈ જવા લાગ્યો. આ બધું જોઈને શ્વેતકેતુને ખૂબ ગુસ્સો આવ્યોઅને તેમણે પરિવ્રાજકના આચરણનો વિરોધ નોંધાવ્યો. તે વખતે તેના પિતાએ તેને સમજાવ્યું કે સ્ત્રીઓ ગાયની જેમ સ્વતંત્ર છે તે કોઈની પણ સાથે સમાગમ કરી શકે છે.

આખરે શરૂ થઈ લગ્નની પરંપરા

શ્વેતકેતુને આ વાત કાંટાની જેમ ભોંકાઈ ગઈ અને તેમણે કહ્યું કે સ્ત્રીઓએ તેના પતિ પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. પર-પુરુષ સાથે સમાગમ કરવાનું પાપ ભ્રૂણહત્યા જેટલું હશે. જે પુરુષ પતિવ્રતા સ્ત્રીને છોડીને અન્ય સ્ત્રઓ સાથે રમણ કરશે તો તેને પણ એ જ પાપ લાગશે. આ રીતે વ્યાભિચાર પર લગામ કસાઈ અને એક સભ્ય સમાજનો જન્મ થયો. અર્થાત સમાજને સભ્ય બનાવવાનો સિલસિલો આપણા વૈદિક ઋષિઓએ શરૂ કર્યો.

શું તમે ફેક ન્યુઝથી પરેશાન છો, Whats App લાવી રહ્યું છે આ ખાસ ફિચર

સોશિયલ મીડિયાનો વ્યાપ આજ કાલ એટલો વધી રહ્યો છે કે આજે ૬ વર્ષનું બાળક હોય કે ૭૦ વર્ષના સીનિયર સીટીઝન હોય દરેક લોકો આજે સોશીયલ મીડિયોનો ભરપુર ઉપયોગ કરે છે. જેમાં સૌથી લોકપ્રિય ફેસબુક અને વોટ્સઅપ છે. આ બંને એપ્લીકેશનમાં થોડા સમય પહેલા જ એક નવું ફીચર ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. તેનો સફળ પ્રયોગ કર્યા બાદ તેને સામાન્ય જનતા માટે લાગુ કરી દેવામાં આવ્યું છે. જેના માધ્યમથી યૂઝર્સ ફેક ન્યૂઝને ઓળખી શકશે. તો વોટસએપમાં હવે એક નવી સુવિધા પણ શરૂ થઈ છે. જેમાં યૂઝર પોતાની સ્થાનિક ભાષામાં વોટસએપને ચલાવી શકશે.



સ્થાનિક ભાષાનો પણ ઉપયોગ થઈ શકશે

Whats App માં અત્યાર સુધી લોકો અંગ્રેજી ભાષાનો જ ઉપયોગ કરી શકતા હતા. હવે પોતાની સ્થાનિક ભાષા પણ યૂઝર વાપરી શકશે. સ્થાનિક ભાષામાં ગુજરાતી, હિંદી, મરાઠી, તેલુગુ, ઉર્દુ,પંજાબી, કન્નડ, તમિલ જેવી ભાષાઓનો ઉપયોગ થઈ શકશે. આ સુવિધા એન્ડ્રોઈડ અને એપલ બંનેમાં ઉપલબ્ધ થશે.

નવું ફિચર ફેક ન્યુઝની જાણકારી પહેલાથી જ આપી દેશે

મળી રહેલી માહિતી મુજબ WABetainfo એ એક રિપોર્ટ જણાવ્યું છે કે હવે વોટ્સએપમાં લેબલ ફીચરને વધુ સરળ બનાવવામાં આવ્યું છે. જે કોઈપણ યૂઝરને ફેક ન્યૂઝ અંગેની જાણકારી આપી દેશે. આજે ન્યુઝ લિંકને વાચ્યા કે ખરાઈ કર્યા વગર ફોરવર્ડ કરી દેતા હોય છે. ત્યારે તેવામાં ખોટા સમાચાર વધુ વાયરલ થઈ જાય છે. તેને રોકવા માટે કમર કસી છે. ફોરવર્ડ કરેલીલિંક પર ફોર્વર્ડ લખાયેલું આવે છે. હવે આવા મેસેજને કંપની ઈમ્પ્રુવ કરશે. જેમાં સૌથી ઝડપી ફોરવર્ડ થઈ રહેલા મેસેજ ઉપર Frequently Forwardedનું લેબલ લગાવી દેશે. જેથી યૂઝરને તરત ખ્યાલ આવશે કે મેસેજ ઉપર વિશ્વાર કરવો કે નહી. જો ચારથી વધુ વખત ફોરવર્ડ થયેલુંહશે તોForwarded Tag થઈને ડાબી બાજુએ દેખાઈ જશે. જેથી યૂઝર્સ તેને પારખી શકશે.

આ કપડાં પ્લાસ્ટિકની ૩૦૦ ઝભલા થેલીમાંથી બન્યાં છે



અમુક ચીજો માટે પ્લાસ્ટિક બહુ કામનું છે, પરંતુ એક વપરાશ પછી એને ફેંકી દેવાની માનસિકતાને કારણે પ્લાસ્ટિક પર્યાવરણ માટે બહુ મોટો ખતરો બની ગયું છે. એવામાં રીસાઇક્લિંગ ઉત્તમ ઉપાય છે. ન્યુ યૉર્કના ગ્રીસ નામના ટાઉનમાં રહેતાં ૭૫ વર્ષનાં માજીએ પ્લાસ્ટિકના રીસાઇક્લિંગનો અનોખો દાખલો બેસાડ્યો છે. રોઝા ફેરિન્ગો નામનાં બહેને બ્રાઉન રંગની પાતફી ઝભલા થેલીઓને કાપીને એમાંથી પાતફી સ્ટિર્પ્સ તૈયાર કરી અને એ સ્ટિપ્સને જોડીને એમાંથી પ્લાસ્ટિકના લાંબા તાંતણા તૈયાર કર્યા. એ પછી એને ગૂંથીને એમાંથી ફૅબ્રિક બનાવ્યું અને કૉટનના ઇનર લાઇનિંગ સાથે એમાંથી સ્કર્ટ અને જૅકેટ સીવી લીધું. થોડાંક વર્ષો પહેલાં રોઝાએ પ્લાસ્ટિકમાંથી ગૂંથેલા પર્સને જોઈને આ વિચાર આવ્યો હતો.

શરૂઆતમાં તેણે પણ બે પર્સ તૈયાર કર્યા હતાં અને પછી તેને લાગ્યું કે માત્ર પર્સ જ નહીં, પ્લાસ્ટિકની થેલીમાંથી કપડાં પણ બનાવી શકાય એમ છે અને એટલે તેણે દિવસ-રાત જોયા વિના આ પ્રોજેક્ટ હાથ ધર્યો.

પ્લાસ્ટિકની ૩૦૦ નકામી થેલીઓમાંથી આ મજાનો ડ્રેસ બન્યો છે. આ માટે માજીએ કેટલો સમય ગૂંથણીનું કામ કર્યું એ વિશે જાણવા મળ્યું નથી.

સુરત લોકસભામાં ઓલપાડ વિધાનસભા બેઠકમાં સૌથી વધુ મતદારો નોંધાયેલા છે

ઓલપાડ વિધાનસભા વિસ્તારમાં સૌથી વધુ ૩૭૭૧૦૮ મતદારો પોતાના મતદાનનો ઉપયોગ કરશે

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તેવા સમયે ૨૪-સુરત સંસદીય લોકસભામાં સમાવિષ્ટ સાત વિધાનસભામાં વિસ્તારોમાં પાછલી ત્રણ લોકસભામાં નોંધાયેલા કુલ મતદારો ચિત્ર જોઈએ તો ૨૦૦૯ની લોકસભામાં ઓલપાડમાં ૨૨૪૮૧૬, સુરત પૂર્વમાં ૨૦૩૦૧૭, સુરત ઉત્તરમાં ૧,૬૭,૧૧૯, વરાછામાં ૧,૯૬૬૭૦, કરંજમાં ૧,૮૨,૫૫૭, કતારગામમાં ૧,૬૦,૮૬૫, સુરત પશ્ચિમમાં ૧,૬૦,૭૦૭ કુલ મતદારો નોંધાયા હતા.

૨૦૧૪માં ઓલપાડમાં ૨,૯૬૧૨૨, સુરત પૂર્વમાં ૧૯૬૨૨૬, સુરત ઉત્તરમાં ૧૫૪૧૪૬, વરાછામાં ૧૯૧૫૬૮, કરંજમાં ૧૪૮૯૦૮, કતારગામમાં ૨૫૨૯૮૩, સુરત પશ્ચિમમાં ૨,૦૭,૭૩૩ કુલ મતદારો નોંધાયા હતા.

વર્તમાન ૨૦૧૯માં ઓલપાડમાં ૩,૭૭૧૦૮, સુરત પૂર્વમાં ૨૦૫૮૯૦, સુરત ઉત્તરમાં ૧૬૦૮૯૯, વરાછામાં ૨૦૪૮૪૮, કરંજમાં ૧૬૫૬૭૨, કતારગામમાં ૨૮૯૮૩૬, સુરત પશ્ચિમમાં ૨૩૩૪૨ કુલ મતદારો નોંધાયા હતા. સૌથી વધુ ૩૭૭૧૦૮ મતદારો ઓલપાડ વિધાનસભા વિસ્તારમાંથી મતદાન કરશે.

કેબલ ઓપરેટરોએ મંજૂરી વગર જાહેરાતોનું પ્રસારણ કરવું નહીં

નવસારી

આગામી લોકસભાની સામાન્યક ચૂંટણી ૨૦૧૯ સંદર્ભે પ્રસારણ માધ્યઓમો દ્વારા પણ આચાર સંહિતાની કડક અમલવારી થાય તે હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ડો.એમ.ડી. મોડીયાએ જણાવ્યું હતું કે, ઈલેકટ્રોનિકસ મિડીયા પેઈડ ન્યુઝના દાયરામાં આવતું હોય તેમાં કેબલ ઓપરેટરોએ માધ્યનમ પ્રમાણીકરણ અને દેખરેખ નિયંત્રણ સમિતિના (મિડીયા સર્ટીફિકેશન એન્ડપ મોનીટરીંગ કમિટી) સર્ટી વિનાના સમાચાર કે જાહેરાત, રાજકિય પ્રચાર, ધર્મ, જાતિ, સમાજ, વિશેની અવૈધાનિક ટીપ્પાણી વાળા સમાચારોનું પ્રસારણ કરવું નહિ, જો આવું અનઅધિકૃત પ્રસારણ કરતા કેબલ ઓપરેટરો મોનીટરીગ દરમિયાન ધ્યૌનમાં આવશે તો તેમની સામે ચૂંટણી આચાર સંહિતાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

જે કેબલ ઓપરેટરો રાજકીય પક્ષોના કે ઉમેદવારોના સમાચાર કે જાહેરાત પ્રસિધ્ધી કરવા માંગતા હોય તેમણે અગાઉથી MCMC કમિટી, કલેકટર કચેરી, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, નવસારીને નિયત ફોર્મમાં રજુ કરવાનું રહેશે.

ઉમરપાડામાં જમીનના ઝઘડાની અદાવતમાં ભાઈઓ વચ્ચે મારામારી

એક ભાઈએ બીજા ભાઈને લોખંડના સળીયાથી ફટકાર્યો

સુરત

ઉમરપાડા તાલુકાના પાંચા આંબા ગામના ગામીત ફળીયા ખાતે જમીન બાબતના ભાગની અદાવત રાખી સગા ભાઈએ ભાઈ પર લોખંડના સળીયાથી હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઉમરપાડા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઉમરપાડા તાલુકાના પાંચા આંબા ગામના ગામીત ફળીયામાં નવનીતભાઈ ગામીત રહે છે. નવીનભાઈના પિતા ગુરજીભાઈ ગામીત અને સુરજીભાઈ ગામીત બંને સગા ભાઈઓ છે. ગત વર્ષોમાં જમીનના ભાગ બાબતે બંને ભાઈઓનો ઝઘડો થયો હતો. જેની અદાવત રાખી સુરજીભાઈએ નવનીતના પિતા ગુરજીભાઈ પર લોખંડના સળીયા વડે હુમલો કરી ડાબો હાથ તેમજ ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચાડી ફેક્ચર કરી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સગાભાઈને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો. જ્યાં તેમણે ઉમરપાડા પોલીસ મથકમાં ભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૧૨) મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચલથાણ ઓવરબ્રીજ નીચેથી પોલીસે દારૂથી ભરેલી કાર ઝડપી

પોલીસ જોઈને કાર મુકી બુટલેગર ફરાર

સુરત

કડોદરા-ચલથાણા ગામમાં આવેલા રેલવે ઓવરબ્રીજની નીચેથી પસાર થતી એક કારમાંથી પોલીસે વ્હીસ્કી તથા બીયરની બોટલો મળી કુલ ૪૮૦ નંગ કિંમત રૂા.૪૮૦૦૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસને જોઈ વાહન મૂકીને ફરાર થઈ ગયેલા બુટલેગરની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

કડોદરા જીઆઈડીસી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ પોલીસ મથકમાં અનિલભાઈ ગોવિંદભાઈ નોકરી કરે છે. તેઓ ગત દિવસોમાં ચલથામ ગામની સીમમાં આવેલા રેલવે ઓવર બ્રીજની નીચે પેટ્રોલિંગ કરી રજ્ઞા હતા. ત્યારે એસેન્ટ કાર એમએચ-૦૪-ઈએસ-૪૩૪૫ના ચાલકે પોલીસ પેટ્રોલિંગને જોઈને કાર ઝડપથી હંકારી હતી અને પોલીસે પીછો કરતા બુટલેગર કાર ચાલક કારને ત્યાં જ મૂકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાંથી વગર પાસ પરમીટની વિદેશી દારૂ અને બીયરની કુલ ૪૮૦ નંગ બોટલો કિંમત રૂા.૪૮ હજારની કબજે કરી હતી. કડોદરા જીઆઈડીસી પોલીસે પ્રોહિબીશન એક્ટ મુજબનો ગુનો નોંધી કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

મસાજ પાર્લરના કર્મચારીઓની વિગતો ફરજિયાત પોલીસ મથકમાં નોંધાવી દેવી

કર્મચારીની ફોટો સહિતની વિગતો રજૂ કરવી

સુરત

શહેરના કેટલાક રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા અને મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન, દેહ વ્યાપાર અને કેટલાક ગેરકાયદે કૃત્યો,ગુનાઈત પ્રવૃત્તિ ચાલતી હોવાની માહિતીના પગલે શહેર પોલિસે આ ગેરકાયદે પ્રવૃત્તિને અટકાવવા માટે એક જાહેરનામુ બહાર પાડી શહેર વિસ્તારમાં પ્રત્યેક સ્પા અને મસાજ પાર્લરના સંચાલકોએ પોતાની તેમજ તેને ત્યાં કામ કરતા કર્મચારીઓની ફોટા સહિતની માહિતી પોલીસને અનિવાર્ય પણે આપવા માટે હુકમ કર્યો છે.

સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ જારી કરેલા જાહેરનામા મુજબ સ્પા અને મસાજ પાર્લરના માલિકો અથવા સંચાલકોએ પોતાની નામ સરનામા અને મોબાઈલ નંબર, ફોટોગ્રાફ સહિતની તમામ વિગતો આપવાની રહેશે. આ ઉપરાંત મસાજ પાર્લરમાં કામ કરનારી પ્રત્યેક વ્યક્તિની વિગતો પણ ફોટાગ્રાફ સાથે આપવાની રહેશે.

સ્પા કે મસાજ પાર્લરમાં બહારના રાજ્યની કોઈ વ્યક્તિ કામ કરતી હોય તો તેના વતનની વિગતો સાથે ઓળખના પુરાવા રજૂ કરવાના રહેશે. જો કોઈ વ્યક્તિ વિદેશી હોય તો તેના પાસપોર્ટની વિગતો પોલીસને આપવાની રહેશે.આ જાહેરનામું તા.૧૦/૦૫/૨૦૧૯ સુધી અમલી રહેશે.

મતદાન મથકની મુલાકાત લેતા ડો.એમ.ડી. મોડીયા

નવસારી

આગામી લોકસભાની સામાન્યે ચૂંટણી ૨૦૧૯ સંદર્ભે મુકત અને ન્યાયી રીતે ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.એમ.ડી. મોડીયાએ નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી, ગણદેવી, જલાલપોર અને નવસારી વિધાનસભા મતદાર વિભાગના વિવિધ મતદાનમથકોની મુલાકાત લીધી હતી. તેઓની સાથે જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડયા જોડાયા હતા.

જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.એમ.ડી. મોડીયાએ મતદાન મથકોની મુલાકાત સાથે જિલ્લાની હદ પર ઉભા કરવામાં આવેલી બોર્ડર ચેકપોસ્ટ, નાકાના સ્થળે કરવામાં આવતી તપાસની કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું અને જરૂરી સુચનો કર્યા હતા.

શાઈના એનસી અને સંદીપ ખેસલા દ્વારા ફેવિકોલ કેરિંગ ફેશન શો યોજાયો

ઝરદોઝી કારીગરો પણ રેમ્પ પર વોક કરશે

સુરત

પીડિલાઈટની અગ્રણી ફેબ્રિક-ગ્લુ બ્રાન્ડ ફેવિક્લિલપ્રસિદ્ધ ડિઝાઈનર શાઈના એનસી અને અભુજાની-સંદીપ ખોસલા દ્વારા આયોજિત ફેવિકોલ કેરિંગ વિથ સ્ટાઈલ ફેશન શો દરમિયાન સેલિબ્રિટી મોડેલ્સ સાથે રેમ્પ પર વોક કરવા દેશનાં ૧૫ ઝરદોઝી કારીગરોને પ્રેરિત કર્યા છે, સુરતનાં ૪ કારીગરો સામેલ થશે અને રેમ્પ પર વોક કરશે. આ ફેશન શો ૨૪ માર્ચનાં રોજ મુંબઈનાં વરલીમાં એનએસસીઆઈ સ્ટેડિયમમાં યોજાશે. રેમ્પ પર વોક કરનાર સેલિબ્રિટીઓ આ કારીગરોનાં કામને પણ પ્રદર્શિત કરશે અને કળાને પ્રોત્સાહનમાં મદદ કરશે. ફેવિકોલ કેરિંગ વિથ સ્ટાઈલ વાર્ષિક ફેશન શો છે, જેનું આયોજન બ્લડ કેન્સરથી પીડિત બાળકોની સારવાર માટે ભંડોળ ઊભું કરવા માટે થાય છે આ ઝરદોઝી કલાકારો પહેલી વાર પ્રસિદ્ધિ મેળવશે, તેમને ફેશનની દુનિયામાં ઉચિત સ્થાન મળશે. ફેવિકોલ અને કેન્સર પેશન્ટ્સ એઇડ એસોસિએશન દ્વારા સંયુક્તપણે આયોજિત આ શો ભંડોળ ઊભું કરશે, જેનું દાન બ્લડ કેન્સરથી પીડિત બાળકોની સારવાર માટે કરવામાં આવશે.

કારીગરો પ્રસિદ્ધ ડિઝાઈનર શાઈના એનસી સાથે ફેબ્રિક પર ચમત્કારિક રીતે સહસર્જન કરવા માટે કામ કરે છે. આ કલેક્શનમાં ઝરદોઝી સહિત હાથથી ભરતકામ અને ગૂંથણનાં કામની વિવિધ શૈલીઓ હશે. ફેવિક્લિ ફેબ્રિક ગ્લુનો ઉપયોગ કરીને ગાર્મેન્ટ્સનું સુશોભન અને શણગાર કરવામાં આવ્યો છે. આ પહેલ મારફતે ફેવિક્લિ ફેબ્રિક ગ્લુને આ કારીગરો વચ્ચે સશક્તિકરણની ભાવના પેદા કરવામાં મદદ મળી છે.

હેલ્પલાઈનથી મતદારો નામો ચકાસી શકશે

નવસારી

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯દરમિયાન જાહેર જનતા પોતાનું નામ મતદાર યાદીમાં છે કે નહી તે બાબતની ચકાસણી કરી શકે અને મતદારોને તેઓનું નામ કયા મતદાન મથક ખાતે છે અને મતદાન કરવા માટે ક્યા મતદાન મથકે જવાનું છે ? વગેરે જેવી બાબતોની જાણકારી ફોન દ્વારા મળી શકે તે માટે તેમજ જે નાગરિકોના નામ મતદારયાદીમાં નથી તેવા લાયક નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવવા અંગે જરૂરી માહિતી મેળવી શકે તે હેતુથી નવસારી ખાતે જિલ્લાકક્ષાએ મતદાર યાદી હેલ્પી લાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પાલાઈન મતદાનની તારીખ સુધી સવારના ૧૦-૩૦ કલાક થી સાંજના ૬-૦૦ કલાક દરમિયાન રજાના દિવસોસહિત કાર્યરત રહેશે. હેલ્પનલાઈનો ટેલીફોન નંબર- (૦૨૬૩૭) ૨૬૦૫૦૦છે. તે ઉપરાંત ટોલ ફ્રી નંબર ૧૯૫૦ તેમજ ૧૮૦૦૨૩૩૨૬૨૭ ઉપરથી ચુંટણીલક્ષી માહિતી મેળવી શકાશે. જેથી જિલ્લાોના તમામ નાગરિકો/મતદારોને માર્ગદર્શન માટે હેલ્પચલાઈનનો ઉપયોગ કરવા જિલ્લાન ચૂંટણી અધિકારીશ્રીની યાદી જણાવે છે.

એલ.પી. સવાણી સ્કૂલની વિદ્યાર્થિની રુચિ નેશનલ સ્કૂલ ગેમ્સમાં ઝળકી

સુરત

એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલની ૬૪મી નેશનલ સ્કૂલ ગેમ્સ અંતર્ગત ગર્લ્સ અંડર ૧૭ની પસંદગી થતા દુર્ગ, છત્રીસગઢ ખાતે શ્રેષ્ઠ દેખાવ બદલ સ્કુલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્હી, ભારત સરકાર તરફથી પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેશનલ સિદ્ધિ બદલ કિરીટભાઈ પટેલ (પ્રમુખ સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, શ્રેષ્ઠ બી.આર.સી. વિજેતા ગુજરાત) હંસાબેન બીપીનભાઈ પરમાર, પ્રજ્ઞેશ ભાઈ, દિશાબેન કિશોરભાઈ, કોચ ધવલભાઈ, મયુરભાઈ સોલંકીએ પુષ્પગુચ્છ આપી અભિનંદનો પાઠવી નેશનલ રમત ગમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવી રહો એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

ટ્રાન્સકોન ડેવલપર્સનું કમર્શિયલ રિયલ એસ્ટેટ ઝોનમાં પ્રવેશ

ટ્રાન્સકોન રામદેવ પ્લાઝાનું લોન્ચીંગ કરાયું

સુરત

મુંબઈમાં રહેણાક રિયલ્ટી ક્ષેત્રમાં અગ્રણી ટ્રાન્સકોન ડેવલપર્સએ તાજેતરમાં રામદેવ પ્લાઝા નામે અસાધારણ કમર્શિયલ પ્રોજેક્ટના લોન્ચ સાથે કમર્શિયલ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. મુંબઈના સાંતાક્રુઝ જેવા અપસ્કેલ વિસ્તારમાં આવેલો આ કોર્પોરેટ હબ તેના પ્રકારનો પ્રથમ કમર્શિયલ સ્પેસ હશે જેમાં ૫૦ ચોરસ ફૂટથી લઈને ૭૦૦ ચોરસ ફૂટ સુધીની જગ્યા હશે. આ આઈટી એન્ડ આઈટીઈએસ એનેબલ્ડ બિઝનેસ હબનો હેતુ એવી સુવિધાઓ પૂરી પાડવાનો છે જે સરળ બિઝનેસ કામગીરીને પ્રોત્સાહિત કરે અને જેમાં દરેક ચીજનું યોગ્ય મિશ્રણ હોય તથા જેમાં બિઝનેસ, આનંદપ્રમોદ અને સુખસગડવો માટે પ્રીમિયમ સુવિધાઓ હાજર હોય.

વર્તમાન સમયમાં શહેરની કમર્શિયલ વર્તણૂકને પરિવર્તિત કરવા માટે નવી પેઢીના સ્ટાર્ટ અપ્સમાંથી પેદા થતી ઓન-ડિમાન્ડ ઈકોનોમી એ સૌથી મહત્ત્વનું ઘટક સાબિત થયું છે. આ બાબતને ધ્યાનમાં રાખીને રામદેવ પ્લાઝા સ્ટાર્ટ અપ્સ, બિઝનેસ અને એસએમઈની આધુનિક જરૂરિયાતોને સંતોષવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. તે એક આઈકોનિક કોર્પોરેટ કોમ્પ્લેક્સ છે જેમાં ૨ એકરની વિશાળ જમીન પર ભવિષ્યલક્ષી ઓફિસો આવેલી છે અને તેનો ભાવ રૂ. ૪૦ લાખથી શરૂ થાય છે.

ત્રણ લોકસભા ચૂંટણીઓમાં પુરુષોની તુલનાએ મહિલાઓનું મતદાન ઓછું હતુ

કતારગામ વિધાનસભા વિસ્તારમાં સતત ત્રણ લોકસભા ચૂંટણીઓમાં પુરૂષ મતદારોની સામે મહિલા મતદારો વચ્ચે ૩૧૦૦૦ જેટલો તફાવત હતો

સુરત

ભારતીય ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આગામી તા.૨૩મી એપ્રિલના રોજ લોકશાહીના મહાપર્વમાં મતદારો પોતાના પસંદગીના ઉમેદવારના ભાવિનો ફેસલો કરશે. ૨૪-સુરત સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ સાત વિધાનસભા વિસ્તારના મતદારો પર નજર કરીએ તો ૨૦૦૯ની લોકસભામાં ઓલપાડમાં ૧૧૯૪૩૬ પુરૂષ મતદારો તથા ૧૦૫૩૮૦ મહિલા મતદારો નોંધાય હતી. સુરત પૂર્વમાં ૧૦૪૦૩૨ પુરૂષો સામે ૯૮૯૮૫ મહિલા મતદારો, સુરત ઉત્તરમાં ૯૧૧૬૨ પુરૂષો સામે ૭૫૯૫૭ મહિલા મતદારો, વરાછા રોડ પર ૧૧૭૦૩૭ પુરૂષો સામે ૭૯૬૩૩ મહિલા મતદારો, કરંજમાં ૧૦૮૦૩૪ પુરૂષો સામે ૭૪૫૨૩ મહિલા મતદારો, કતારગામમાં ૧૩૨૨૪૦ પુરૂષો સામે ૯૫૮૦૨ મહિલા મતદારો જયારે સુરત પશ્ચિમ વિધાનસભામાં ૧૧૪૬૬૪ પુરૂષો સામે ૧૦૪૦૪૩ મહિલા મતદારો નોંધાયા હતા.

૨૦૧૪ની લોકસભામાં ઓલપાડમાં ૧૫૭૮૬૯ પુરૂષો સામે ૧૩૮૨૪૮ મહિલા મતદારો, સુરત પૂર્વમાં ૯૯૮૯૨ પુરૂષો સામે ૯૬૩૨૭ મહિલા મતદારો, સુરત ઉત્તરમાં ૮૧૯૩૭ પુરૂષો સામે ૭૨૨૦૦ મહિલા મતદારો, વરાછામાં ૧૦૮૯૧૧ પુરૂષો સામે ૮૨૬૫૬ મહિલા મતદારો, કરંજમાં ૮૬૪૮૭ પુરૂષો સામે ૬૨૪૧૬ મહિલા મતદારો, કતારગામમાં ૧૪૨૭૯૬ પુરૂષો સામે ૧૧૦૧૮૭ મહિલા મતદારો, સુરત પશ્ચિમમાં ૧૦૬૪૧૩ પુરૂષો સામે ૧૦૧૩૨૦ મહિલા મતદારો નોંધાયા હતા.

૨૦૧૯ની વર્તમાન લોકસભામાં ઓલપાડમાં ૨,૦૦,૮૨૦ પુરૂષો સામે ૧૭૬૨૭૨ મહિલા મતદારો, સુરત પૂર્વમાં ૧૦૪૪૭૬ પુરૂષો સામે ૧૦૧૪૦૩ મહિલા મતદારો, સુરત ઉત્તરમાં ૮૫૩૬૭ પુરૂષો સામે ૭૫૫૧૫ મહિલા મતદારો, વરાછામાં ૧,૧૫,૮૧૧ પુરૂષો સામે ૮૯૦૩૨ મહિલા મતદારો, કરંજમાં ૯૬૨૨૪ પુરૂષો સામે ૬૯૪૪૦ મહિલા મતદારો, કતારગામમાં ૧,૬૦,૮૬૫ પુરૂષો સામે ૧,૨૮,૯૭૧ મહિલા મતદારો, સુરત પશ્ચિમમાં ૧,૧૮,૭૪૮ પુરૂષો સામે ૧,૧૪,૫૯૩ મહિલા મતદારો નોંધાય છે.

આમ ત્રણેય લોકસભાના મતદારો નજર નાખતા સાતેય વિધાનસભામાં કતારગામ વિધાનસભા વિસ્તારમાં પુરૂષ મતદારોની સામે મહિલા મતદારો ૨૦૦૯માં ૩૬,૪૩૮, ૨૦૧૪માં ૩૨,૬૦૯ તથા ૨૦૧૯ના વર્તમાન વર્ષે ૩૧,૮૯૪ સૌથી ઓછી હોવાનું જણાય છે.

જયારે વરાછામાં અનુક્રમે ૩૭,૪૦૪, ૨૬,૨૫૫ અને ૨૬,૭૭૯ મહિલા મતદારો તથા કરંજમાં અનુક્રમે ૩૩૫૧૧, ૨૪૦૭૧ અને ૨૬,૭૮૪ પુરૂષોની સરખામણીએ મહિલા મતદારો ઓછી જણાય છે. જયારે ઓલપાડ વિધાનસભા વિસ્તારમાં ૨૦૦૯માં ૧૪,૦૫૬, ૨૦૧૪માં ૧૯૬૨૧ તથા ૨૦૧૯માં ૨૭,૫૪૮ મહિલા મતદારો નોંધાય છે આમ આ વિધાસનભામાં પુરૂષ મતદારોની સામે મહિલા મતદારોનું પ્રમાણ ક્રમશ ઘટતું જોવા મળે છે.

જયારે અન્ય વિધાનસભામાં પુરૂષોની સરખામણીએ મહિલા મતદારોની સંખ્યા ત્રણેય લોકસભાનું ચિત્ર જોઈએ તો, સુરત પૂર્વમાં ૫૦૪૭, ૩૫૬૫, ૩૦૭૩, સુરત ઉત્તરમાં ૧૫૨૦૫, ૯૭૩૭, ૩૦૭૩, સુરત પશ્ચિમ વિધાનસભામાં અનુક્રમે ૧૦૬૨૧, ૫૦૯૩, ૪૧૫૫ જેટલી મહિલા મતદારો પુરુષોની સરખામણીએ ઓછી હોવાનું જણાય છે.

નવી મુંબઈ ખાતેથી થયેલ ત્રણ વર્ષના બાળકના અપહરણનો ભેદ ઉકેલતી ભરૂચ એલ.સી.બી તથા એસ.ઓ.જી.



અપહરણ કરનાર આરોપીઓને ઝડપી પાડી બાળકને સલામત હાલતમા છોડાવતી ભરૂચ એલ.સી.બી તથા એસ.ઓ.જ.ની ટીમે પ્રસંસનીય કામગીરી કરી છે.

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓ તરફથી મે.ડી.જી.પી ગુજરાત રાજય નાઓ તરફથી રાખવામા આવેલ કોમ્બીંગ અનુસંધાને અસરકારક કાર્યવાહી કરવા સુચના મળેલ જે આધારે ભરૂચ

એસ.ઓ.જી તથા એલ.સી.બીના પોલીસ સ્ટાફના માણસો વાહન ચેકીંગમા હતા દરમ્યાન એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી નાઓને નવી મુંબઈ ખાતેથી એક ત્રણ વર્ષના બાળકના થયેલ અપહરણ ની હકીકત મળેલ જેમા અપહરણ કરનાર એક કાર નંબર- એમએચ ૦૨-ઈએચ-૪૨૦૬ મા વડોદરા તરફ જતો હોવાની હકીકત મળતા એલ.સી.બી/ એસ.ઓ.જી ના ઈન્ચાર્જ પીઆઈ જે.એન.ઝાલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ એસ.ઓ.જી ના પો.સ.ઈ એશ.એન.ગોહીલ તથા પો.સ.ઈ કે.એમ.ચૌધરી તથા એલ.સી.બી ના પીએસઆઈ વાય.જી.ગઢવી તથા સ્ટાફના પોલીસ માણસોએ માંડવા ટોલપ્લાઝા ખાતે વોચમા રહી મળેલ હકીકત મુજબની કાર અટકાવી તેમા અપહરણ કરનાર આરોપી (૧) જીનતશીગ બેચરસીગ રાવ તથા (૨) સરોજબેન જીનતશીગ બેચરસીગ રાવ બન્ને રહે-નવી મુંબઈ ઉલવા સેક્ટર-૮ મહારાષ્ટ્ર મુળ રહે- કોડિટા તા-જશવંતપુરા જી.જાલોર રાજરથાન નાઓને ઝડપી પાડી તેઓના કબ્જામાના અપહરણ થયેલ બાળક અયાન અબ્દુલહમીદ શેખ ઉ.૧.-૩ વર્ષ નાળે મુકત કરાવી ઉપરોક્ત બાળકના થયેલ અપહરણ બાબતે નવીમુંબઈ એન.આર.આય

કોસ્ટલ પો.સ્ટે. ગુ.ર.ન-૮૬/૨૦૧૯ ઈ.પી.કો.૫-૩૬૩,૩૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાનો ભેદ ઉકેલી બાળકને તેના માતા-પિતાને પરત સોંપવા તેમજ પકડાયેલ આરોપીઓ બાબતે આગળની કાર્યવાહી કરવા નવીમુંબઈ એન.આર.આય કોસ્ટલ પો.સ્ટે.ખાતે જાણ કરવામા આવેલ છે.

સરદાર સાહેબના હાથમાં કાશ્મીરનો પ્રશ્ન હોત તો આજે પુલવામાં ન હોત આપણી બહેનો વિધવા ન થઈ હોત: મનિંદરજીતસિંહ બીટ્ટા

ઓલ ઈન્ડિયા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનિંદરજીતસિંહ બીટ્ટા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે



રાજપીપળા : ઓલ ઈન્ડિયા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનિંદરજીતસિંહ બીટ્ટાએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવ્યા હતા જેમણે લોહ પુરુષની આ પ્રતિમા જોઈને ઘણી ખુશી વ્યક્ત કરી હતી. અને આ સ્થળે આવવાથી દેશ પ્રત્યે એક ઘમંડ આવે કે હું આવા વિરલ વ્યક્તિના દેશનો સપૂત છું, મનિંદરજીતસિંહ બીટ્ટા ની આ મુલાકાતને સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા સુવિધા આપવામાં આવી હતી અને ૬જી ના અધિકારીઓ દ્વારા સ્ટેચ્યુ બતાવવામાં આવ્યું હતું.

ઓલ ઇયિા એન્ટી ટેરરિસ્ટ ફ્રન્ટના ચેરમેન મનિંદરજીતસિંહ બીટ્ટાએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર નવી પેઢી આવે અને તેમના જીવન વિશે શીખીને જાય છે. સરદાર સાહેબે રાજાઓની ગુલામીમાંથી ભારતને મુક્ત કરાવ્યું હતું, આવી જ રીતે ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ, મંગલ પાંડે, અસફાક ઉલ્લા ખાન, તાત્યા ટોપે અને આઝાદીનો ઈતિહાસ નવી પેઢી સામે મુકવામાં આવે તો આપણું રાષ્ટ્ર અત્યારે ક્યાં હોત. સરદાર સાહેબના હાથમાં કાશ્મીર નો પ્રશ્ન હોત તો આજે પુલવામાં ન હોત આપણી બહેનો વિધવા ન થઈ હોત. સરદાર સાહેબને ખુલ્લી છૂટ અપાઈ હોત તો કાશ્મીર તો ઠીક પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પણ આપણું હોત તેવી વાત કહી જે લોકો સરદાર સાહેબની પ્રતિમા પર સવાલ ઉઠાવનાર પર વરસી પડ્યા હતા અને કહ્યું હતું કે દુરથી સવાલ ઉઠાવતા પહેલા અહીંયા આવીને તેમની પ્રેરણા જુવો પ્રથમ રાષ્ટ્રની પ્રેરણા મળે છે.

વધુમાં બીટ્ટાએ જણાવ્યું હતું કે આપણા ૪૬ સૈનિકો શહીદ થયા આપણે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓનો સફાયો કરીને જીવતા શહીદ થઈને સૈનિકો પાછા આવે છે આને કહેવાય આજનું હિન્દુસ્તાન, ૧૯૬૫ નું ભારત અને આજનું ભારત આજે આતંકવાદની વિરુદ્ધમાં લડત આપવા ભારત તૈયાર છે તેવી વાત કરી હતી.

રાજપીપળા નગરપાલિકા ટીમનો શનિ રવિવારની રજામાં પણ વેરો વસુલાત માટે સપાટો, બે દિવસમાં બે લાખ જેવી રકમની વસુલાત

નળ કનેકશન કાપ્યા બાદ રવિવારે વેરા વસુલાત માટે દુકાનોને પણ સીલ મરાતા વેરો ભરવા લોકો દોડતા થયા

કોઈની પણ લાગવગ કે શરમ ને નેવે મૂકી બાકીદારો પર લાલ આંખ કરતા ચીફ ઓફિસરની ચારે તરફ ચર્ચા

રાજપીપળા : રાજપીપળા નગર પાલિકા માં બાકી વેરો નહી ભરનારા અમુક મિલકતદારો પર હાલ પાલિકા ચીફ ઓફિસર અમિત પંડ્યા એ કોઈની પણ સ્નેહ શરમ રાખ્યા વિના કાયદાનો કોયડો વિંઝવાનું શરુ કર્યું છે ત્યારે શનિ રવિવારની રજામાં પણ પાલિકા ની ટિમ આવા બાકીદારો પર તવાઈ બોલાવતા પાણીના કનેકશન કટ કર્યા બાદ રવિવારે એક વર્ષ થી વધુ સમયથી વેરાની બાકી નીકળતી પાંચ હજાર કરતા વધુ રકમ ના દુકાનદારો પર કડક કાર્યવાહી શરુ કરી જેમાં અમુક કોમ્પ્લેક્સ કે અન્ય જગ્યાઓ પર



દુકાન ધરાવતા મિલકતદારો ની દુકાનો ને સીલ મારવા પાલિકા ટિમ ખાડે પગે તૈનાત રહી હતી અને ચીફ ઓફિસર અમિત પંડ્યા ની સૂચના મુજબ આવી કેટલીક દુકાનોને સીલ મારી કડક કાર્યવાહી કરવામાં આવતા કેટલાક મિલકતદારો એ સીલ મારવા જતા પાલિકા ના કર્મચારીઓને સ્થળ પર જ પોતાની બાકી રકમ ચૂકવી દીધી હતી જ્યારે કેટલાક ની દુકાનો ને સીલ મરાયું હતું .

શનિ રવિવાર ની રજા માં ખડે પગે કામ કરી રહેલી ટીમના સભ્યો દ્વારા આ કામગીરી સતત બે દિવસ થી ચાલુ રહેવા છતાં અમુક મિલકતદારો ની ઊંઘ ઉડી અને વેરાની બાકી રકમ ભરપાઈ કરી હતી જ્યારે અમુક લોકો ની ઊંઘ ન ઉડતા એવા મિલકતદારો ની દુકાનો સીલ મારતા રજા ના મૂડમાં રહેલા અમુક લોકોની ઊંઘ ઉડી ગઈ હતી

ચીફ ઓફિસર અમિત પંડ્યાના જણાવ્યા મુજબ શનિવાર અને રવિવાર ના બે દિવસ માં અમારી ટિમે બે લાખ જેવી વેરાની રકમ સ્થળ પર વસુલ કરવામાં સફળતા મેળવી હતી હજુ આળસ નહીં ખંખેરનારા લોકો પર પણ કાયદાનો કોયડો વીંજાશે એમ અમિત પંડ્યા એ જણવ્યું હતું .

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઇચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

નર્મદા જિલ્લાના શેડો એરિયાના તમામ ૧૦૩ જેટલા મતદાન કેન્દ્રો ખાતે

વાયરલેસ અને વોકીટોકી સેટ સાથેનાં સ્ટાફને ડેમોન્સ્ટ્રેશન માટે કરાયાં તૈનાત



જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલે નાંદોદ વિસ્તારનાં શેડો મતદાન કેન્દ્રોની મુલાકાત લઈ સંદેશાવ્યવહાર આપ-લે પ્રક્રિયાની ચકાસણી સાથે કરેલું નિરીક્ષણ નવા ટાવરો ઉભા કરવાની કામગીરીને લીધે આગામી દિવસોમાં શેડો એરીયામાં ઘટાડો થવાની સંભાવના

રાજપીપળા : જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર આઇ.કે. પટેલે નર્મદા જિલ્લાનાં નાંદોદ તાલુકાના શેડો એરિયામાં આવેલ મોટી ભમરી, બિતાડા, પલસી, મોજી, ખુટાઆંબા, આમલી, ગાગર, ગાડીત, બોરીદ્રા અને નાની ચીખલી ગામ ખાતેનાં મતદાન કેન્દ્રોની મુલાકાત લઈ મતદાનના દિવસે સંદેશા વ્યવહારની આપલે માટે ઉપયોગમાં લેવાનારા વાયરલેસ અને વોકીટોકી સેટનાં ડેમોન્સ્ટ્રેશન-નિદર્શન થકી તેની ચકાસણી કરી હતી. નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ પરમાર, નાંદોદનાં મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કે.ડી. ભગત અને વન વિભાગનાં અધિકારીઓ પણ આ મુલાકાતમાં સાથે જોડાયાં હતાં.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નર્મદા જિલ્લાનાં નાંદોદ અને દેડીયાપાડા વિધાનસભા મતવિસ્તારના ૧૦૩ જેટલા મતદાન મથકો શેડો એરિયામાં આવેલ છે, જેપૈકી નાંદોદમાં- ૩૧ અને દેડીયાપાડામાં ૭૨ મતદાન મથકોનો સમાવેશ થાય છે. જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા સંદેશાવ્યવહાર આપલેનાં ડેમોન્સ્ટ્રેશન માટે જિલ્લાનાં ઉક્ત ૧૦૩ જેટલા તમામ મતદાન કેન્દ્રો ખાતે પોલીસ અને વન વિભાગનાં ફરજ ઉપર રહેનારા કર્મચારીઓને વાયરલેસ અને વોકીટોકી સેટ્સ સાથે તૈનાત કરાયા હતાં, જિલ્લા ચૂંટણી અધિકારી આઇ.કે. પટેલે નાંદોદ વિસ્તારનાં આ ગામોની મુલાકાત દરમિયાન વાયરલેસ અને વોકીટોકી સેટના સંચાલનની ચકાસણી ઉપરાંત આ ગામોમાં જે તે કંપનીઓ તરફથી ઉપલબ્ધ નેટવર્કની પણ ચકાસણી કરી તેની જાણકારી મેળવી હતી. જેથી મતદાનના દિવસે વાયરલેસ-વોકીટોકી સેટ સિવાય ઉપલબ્ધ અન્ય નેટવર્કની સુવિધા વિકલ્પરૂપે તેનો ઉપયોગ કરી શકાય. જિલ્લામાં JIO કંપની દ્વારા નવા ટાવર ઉભા કરવાની કામગીરી થઈ રહેલ હોઈ આગામી દિવસોમાં શેડો એરિયાનાં મતદાન કેન્દ્રોની સંખ્યામાં ઘટાડો થવાની સંભાવના છે, તેમ જણાવી મતદાનનાં દિવસે ઈજીનૂ ને તેની સેવાઓ અવિરતપણે ચાલુ રહે તે જોવાની પણ સૂચના આપી હોવાની પટેલે જાણકારી આપી હતી.

નાંદોદ તાલુકાના શેડો એરિયામાં આવેલ મોટી ભમરી, બિતાડા, પલસી, મોજી, ખુટાઆંબા, આમલી, ગાગર, ગાડીત, બોરીદ્રા અને નાની ચીખલી ગામ ખાતેનાં મતદાન કેન્દ્રોની મુલાકાત લીધી

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement)
અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847